# આત્મધર્મ

## વર્ષ ૨૮

## સળંગ અંક ૩૩૦

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૦


## * વાહ ! કેવો સુંદર માર્ગ ! *

અહો, મોક્ષના મારગડા......અંતરમાં સમાય છે. દેવ–ગુરુની વાણી જ્યાં પહોંચતી નથી, વિકલ્પનો જ્યાં પ્રવેશ નથી, પર્યાયનો જેમાં આશ્રય નથી, એકલો અંતર્મુખ સ્વભાવ–આશ્રિત નિરાલંબી માર્ગ છે. આવા માર્ગને સંતો સાધે છે ને જગતને દેખાડે છે.

સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એ ત્રણે કાર્ય આનંદદાયક છે. એના વડે આનંદસહિત મોક્ષ સધાય છે. અહો, અતીન્દ્રિય સુખના સાધનરૂપ આ શ્રેષ્ઠ શુદ્ધરત્નત્રયકાર્ય, તેનું કારણ પણ પોતામાં ત્રિકાળ છે. તેના સેવનવડે મુમુક્ષુઓ મોક્ષને સાધે છે. –આવો મોક્ષનો માર્ગ છે.

**વાહ ! કેવો સુંદર માર્ગ !**

**( વિશેષ માટે જુઓ અંદર. પાનું : ૧૨૩ )**

* 卐 *


તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. : ૨૪૯૭ ચૈત્ર ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# ભ.....ગ.....વા.....ન મ.....હા.....વી.....ર

હળીમળી સૌ સાથે ચાલો.....મહાવીર કે માર્ગમેં....

આનંદથી સૌ આત્મા સાધો. તીર્થંકર-પરિવારમેં....

ચૈત્રસુદ તેરસ...એ દિવસે ધન્ય બની ભારતની ભૂમિ, અને ધન્ય બન્યા ભવ્યજીવોનાં હૃદય! આખી દુનિયામાં જાણે કે આનંદ ફેલાઈ રહ્યો. ધર્મની વૃદ્ધિ કરનારા ભગવાન વર્દ્ધમાન તીર્થંકરનો અવતાર થયો.

આત્માની અપ્રતિહત આરાધના સહિતનો એ અવતાર હતો.

તીર્થંકરત્વના પ્રભાવસહિતનો એ અવતાર હતો.

તીર્થંકર તો પાકયા....સાથે એમનો મહાન પરિવાર પણ પાક્યો. ધર્મવૃદ્ધિ કરનારા મહાપુરુષો પાકયા, તો સાથે તેમના નિમિત્તે ધર્મ પામનારા જીવો પણ પાકયા...ધર્મકાળમાં થયેલા એ મહાવીર તીર્થંકરે જે ધર્મનો ઉપદેશ આપ્યો તે આજે પણ ચાલી રહ્યો છે.....ને આપણને કોઈ અપૂર્વયોગે તેની પ્રાપ્તિ થઈ છે....ને ધર્મ ઝીલીને....આત્મામાં તેની અનુભૂતિ કરીને આપણે પણ તીર્થંકર ભગવાનના ધર્મ પરિવારમાં ભળી જવાનું છે.

અમે મહાવીરભગવાનના પરિવારના છીએ.....તેમની જ પરંપરાના છીએ' -અહા,! કેટલા ગૌરવની વાત! ભગવાનના પરિવાર તરીકે આપણી જવાબદારી છે-આપણી ટેક છે-કે જે માર્ગે ભગવાન સંચર્યા તે જ માર્ગે જવું.....જે ભાવથી ભવનો નાશ કરીને તેઓ મોક્ષ પામ્યા તે જ ભાવનું સેવન કરવું; જે આત્મઅનુભવથી તેઓ રત્નત્રયરૂપ થયા તે જ આત્મઅનુભવ પ્રગટ કરવો.

મહાવીર ભગવાનની મહત્તા આપણે ત્યારે જ સમજ્યા ગણાય કે તેમણે સેવેલા આત્માભિમુખી માર્ગમાં જઈએ ને રત્નત્રય-ધર્મરૂપ થઈએ; તથા પ્રભુના પરિવારના બધા જીવો પ્રત્યે આનંદથી ધર્મની અનુમોદના-પ્રેમ-સત્કારપૂર્વક પ્રભુના માર્ગને શોભાવીએ.

जय महावीर

( -હરિ )

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
ચૈત્ર
1971 APRIL

* વર્ષ ૨૮ : અંક ૬ *

## તારું કારણ તારામાં હાજર છે.
## કારણનો સ્વીકાર કરતાં જ કાર્ય થાય છે.

* અરિહંત પરમાત્મા સર્વજ્ઞ પરમદેવ તે કાર્ય–પરમાત્મા છે.

* અંદરમાં જે ત્રિકાળશુદ્ધ કારણ–પરમાત્મા છે તેમાં અંતર્મુખ થઈને તેની ભાવનાવડે તેઓ કાર્ય–પરમાત્મા થયા.

* દરેક આત્મા એવા કારણપરમાત્માપણે વર્તમાનમાં બિરાજી રહ્યો છે.

* તું તારા કારણપરમાત્માની સન્મુખ થઈને તેની ભાવના કર, એટલે તે કારણના અવલંબને તને પણ તેવું કાર્ય ઉત્પન્ન થશે, અને તું કાર્યપરમાત્મા થઈશ.

* પોતામાં રહેલ કારણપરમાત્માની ભાવના તે જ કાર્યપરમાત્મા થવાનો ઉપાય છે. રાગની–સંયોગની–નિમિત્તની કોઈની ભાવનાથી પરમાત્મા થવાતું નથી. એટલે કે તેનાથી સમ્યગ્દર્શનાદિ કાર્ય પણ થતું નથી.

* જેમ કાર્યપરમાત્મા (કેવળજ્ઞાનાદિ) થવાનો ઉપાય એક જ છે કે પોતાના કારણસ્વભાવની ભાવના (–તેમાં એકાગ્રતારૂપ પરિણતિ) કરવી, તેમ સમ્યગ્દર્શનાદિ કાર્ય થવાનો પણ એક જ ઉપાય છે કે કારણ–સ્વભાવની ભાવના કરવી, –તેની સન્મુખ પરિણતિ કરવી. અંતરના સ્વભાવમાં જ ત્રિકાળ એવું સામર્થ્ય છે કે તેની સન્મુખ થતાંજ પોતે સમ્યગ્દર્શનાદિનું કારણ થઈને સમ્યગ્દર્શનાદિ કાર્યને પ્રગટ કરે છે.

* –માટે તું નિજકારણપરમાત્માને ધ્યાવીને તેને જ ભાવ.

* * * * *

# શાસ્ત્રના વક્તા અને શ્રોતાનું એક જ પ્રયોજન- ‘આત્માની શુદ્ધિ થાય..... ને મોક્ષદશા પ્રગટે’

શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે આ નિયમસાર મેં નિજભાવના અર્થે રચ્યું છે. તથા માર્ગની પ્રભાવના અર્થે મેં આ શાસ્ત્ર રચ્યું છે.

ટીકાકાર મુનિરાજ કહે છે કે મારા આત્માની શુદ્ધિને અર્થે તથા ભવ્ય જીવોના મોક્ષને માટે હું આ શાસ્ત્રની ટીકા કરું છું. આ શાસ્ત્રમાં કહેલા શુદ્ધાત્માના ભાવોનું મારા અંતરમાં ફરી ફરીને ઘોલન થાય છે તેથી હું આ ટીકા કરવા પ્રેરાયો છું.

સમયસારની ટીકામાં પણ અમૃતચંદ્રસ્વામીએ એમ કહ્યું છે કે આ શાસ્ત્રની ટીકા દ્વારા શુદ્ધાત્માના ભાવોનું વારંવાર ઘોલન થતાં મારા આત્માની પરમવિશુદ્ધિ થાઓ. તથા મારા અને પરના મોહના નાશને માટે દ્રવ્ય અને ભાવરૂપ આ ટીકા રચવાનો ઉદ્યમ કરું છું. ‘પરમ આનંદના પિપાસુ ભવ્ય જીવોને માટે આ ટીકા રચાય છે’ –એમ પ્રવચનસારમાં કહ્યું છે.

–આ રીતે શાસ્ત્રકારોનું એક જ પ્રયોજન છે કે આત્માની શુદ્ધતા થાય. તથા મોક્ષને અર્થે શાસ્ત્ર રચાય છે; એટલે જેનાથી મોક્ષ થાય, ને જે સમજવાથી પરમ આનંદ થાય, –તે જ શાસ્ત્રનું પ્રયોજન છે. મોક્ષની પ્રાપ્તિ વીતરાગભાવથી થાય છે, રાગવડે મોક્ષની પ્રાપ્તિ થતી નથી; એટલે વચ્ચે રાગ અને સ્વર્ગાદિ આવે તે કાંઈ પ્રયોજનરૂપ નથી.

આ રીતે, વીતરાગભાવ તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે. આત્માના સ્વભાવરૂપ મોક્ષમાર્ગ પ્રગટે તે જ એક પ્રયોજન છે; ને શ્રોતા પણ એવા જ પ્રયોજનપૂર્વક આ શાસ્ત્ર સાંભળે છે. –એટલે વીતરાગશાસ્ત્રના વક્તા અને શ્રોતાનું ધ્યેય એક જ છે કે પોતાના આત્માની શુદ્ધિ થાય ને મોહનો નાશ થઈને પરમ આનંદરૂપ મોક્ષદશા પ્રગટે.

હે ભવ્ય! તું આવું જ ધ્યેય લક્ષમાં રાખજે.

*****

# મોંઘું પણ સાચું લેજો......
# સોંઘું સમજીને
# ખોટું ન લેશો

એક માણસ કહેઃ તમે સોનગઢવાળાએ સમ્યગ્દર્શન બહુ મોંઘું કરી નાખ્યું! મુમુક્ષુએ કહ્યુંઃ ભાઈ! ભલે મોંઘું, –પણ મળે તો છે! બીજે (વિરુદ્ધ માર્ગમાં) તો સમકિત મળતું જ નથી. ભલે મોંઘો હોય પણ સાચો માલ લેવો. સોંઘો સમજીને ખોટો માલ લઈ લ્યે તે તો છેતરાય છે. તેં જેને સોંઘુ માની લીધું છે. (–શુભરાગથી સમ્યક્ત્વ માની લીધું છે) તે ખરેખર સોંઘુ નથી પણ મોંઘું છે કેમકે તેમાં તારી બધી મહેનત નકામી જવાની છે, તને સાચું સમ્યક્ત્વ મળવાનું નથી. માટે, ભલે તેને મોંઘું લાગે તોપણ સમકત્વનો આ સાચો માર્ગ તું લે.... એનાથી તને મોક્ષસુખ મળશે.

# સુંદર માર્ગ

ઈર્ષાભાવથી કોઈ લોકો સુંદર માર્ગને નિંદે તો તેનાં વચનો સાંભળીને જિનમાર્ગ પ્રત્યે અભક્તિ ન કરજો. જિનેશ્વરપ્રણીત શુદ્ધ રત્નત્રયમાર્ગ પ્રત્યે ભક્તિ કર્તવ્ય છે.

# સંતોની સાથે

હે જીવ! રત્નત્રયરૂપ સંતોનો તને સાથ મળ્યો....તો તેમની ઉપાસના વડે તું પણ તેમની સાથે રત્નત્રયમાર્ગનો પ્રવાસી થા.

# એક જ માર્ગે

રત્નત્રયમાર્ગી સંતો આપણને એમ કહે છે કે–અનેક વિચિત્રતાથી ભરેલા આ સંસારમાં ઉદાસીન રહીને, માત્ર તારા આત્માનું હિત થાય તે એક જ માર્ગે ચાલજે.

# नाटक सुनत हिये फाटक खुलत है

## સમયસાર-નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે.

**( સમયસાર-નાટકનાં અધ્યાત્મરસઝરતા પ્રવચનોમાંથી લેખાંક : ૩ )**

*****

* શાસ્ત્રકાર કહે છે કે અહો, ભગવાન અરિહંતદેવે દિવ્ય વાણીવડે શુદ્ધાત્મા બતાવ્યો આત્માનું શુદ્ધસ્વરૂપ જેમના પ્રસાદથી પ્રાપ્ત થયું તે ભગવંત પ્રત્યે અમારા હૃદયમાં પરમ ભક્તિ વહે છે. એ ભક્તિને લીધે અમને સુબુદ્ધિ પ્રગટી છે ને કુબુદ્ધિ દૂર થઈ ગઈ છે; એટલે કે ભગવાને આત્માનું જેવું શુદ્ધસ્વરૂપ બતાવ્યું તેના અનુભવથી સમ્યગ્જ્ઞાનરૂપ સુબુદ્ધિ પ્રગટી છે. જુઓ, આત્માનું જ્ઞાન થાય તે જ સાચી સુબુદ્ધિ છે, એના વગરનાં બધાં ભણતર તે તો કુબુદ્ધિ છે, આત્માના હિતને માટે તે ભણતર કામ આવતા નથી.

* જેણે અરહિંતદેવને ઓળખ્યા, અને મારો આત્મા પણ આવો છે–એમ જાણ્યું તેને પોતાના સર્વજ્ઞસ્વભાવી આત્મા સાથે એકતા થતાં રાગ સાથેની એકતા તૂટી જાય છે, ને સ્વાનુભવમાં એના શ્રદ્ધા–જ્ઞાનલોચન સ્થિર થાય છે. તે સર્વજ્ઞના માર્ગના પરમ બહુમાનપૂર્વક તેના અનુભવની પિપાસાથી સ્થિરચિત્તે તેનો પ્રયત્ન કરે છે.

* વળી, ભગવાનની ભક્તિભરેલું અમારું ચિત્ત ક્યારેક આરતીરૂપ થઈને એટલે અત્યંત પ્રીતિરૂપ થઈને પ્રભુસન્મુખ વારી જાય છે; અંતરમાં પોતાના ચેતનપ્રભુની સન્મુખ આવે છે, અને બહારમાં સર્વજ્ઞપરમાત્માની સન્મુખ થઈને તેમની ભક્તિ કરે છે. –આવી ભક્તિપૂર્વક અને અધ્યાત્મરસના ઘોલનપૂર્વક આ સમયસારનાટક–ગ્રંથ રચાય છે. તેનું ભાવપૂર્વક શ્રવણ કરતાં શું થાય છે? કે હૈયાનાં ફાટક ખૂલી જાય છે ને જ્ઞાનનિધાન પ્રાપ્ત થાય છે.

* અહો, આ ‘સમયસાર’ તે તો મોક્ષમાં જવા માટેનું શુકન છે. જેને આ સમયસાર મળ્યું તેને મોક્ષના ઉત્તમ શુકન થયા. અહો! તીર્થંકર કેવળીપ્રભુ પાસેથી સીધી આવેલી વાણી આ સમયસારમાં છે. જેને આવું સમયસાર સાંભળવા મળ્યું તેને તો મોક્ષમાં જવાના શુકન થઈ ગયા. આના ભાવો સમજનાર આનંદપૂર્વક મોક્ષમાં જશે. આ સમયસાર શાસ્ત્ર અને અંદર તેના વાચ્યરૂપ શુદ્ધઆત્મા, તે મોક્ષમાં જવાની સીડી છે; જેને આવા સમયસારનું શ્રવણ મળ્યું ને તેના ભાવોની રુચિ થઈ તેને મોક્ષમાં જવાની સીડી હાથમાં આવી, તેને મોક્ષમાં જવાના શુકન થઈ ગયા; હવે તે જીવ કર્મનું વમન કરીને મોક્ષમાં ગમન કરે છે. રાગાદિ ભાવકર્મોને છોડીને તે આત્માના સ્વભાવને સાધે છે.

* પ્રમોદપૂર્વક ગુરુદેવ કહે છે –કે અહો! આનંદરસના ઘૂંટડા આ સમયસારમાં ભર્યા છે; તેના રસમાં જ્ઞાનીજનો લીન થાય છે. સમયસારે બતાવેલા અધ્યાત્મરસમાં જ્ઞાનીઓ એવા લીન થાય છે કે જેમ પાણીમાં મીઠું ઓગળી જાય છે. તેમ તેમની પરિણતિ અંતર્મુખ થઈને શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં ઓગળી જાય છે.

* સમયસાર સમજતાં મોક્ષનો સરલમાર્ગ હાથમાં આવી ગયો. પોતાનો જેવો શુદ્ધ આત્મા છે તેવો દેખ્યો, તેના આનંદમાં રમતાં રમતાં તે મોક્ષને સુગમપણે સાધે છે. સમ્યગ્દર્શનાદિ ગુણોનો તો આ ગાંઠડો છે, –એના અભ્યાસથી સમ્યગ્દર્શનાદિ ગુણોનો સમૂહ પ્રગટે છે. મુમુક્ષુઓએ અંતરના ભાવથી શુદ્ધ આત્માના લક્ષે આ સમયસારનો અભ્યાસ કરવા જેવો છે. આ સમયસારના અભ્યાસનું ફળ ઉત્તમ સુખની પ્રાપ્તિ છે એમ કુંદકુંદાચાર્યદેવે પોતે છેલ્લી ગાથામાં બતાવ્યું છે.

અત્યારે તો સમયસારના પ્રચારનો યુગ છે. મુમુક્ષુ જીવોમાં ઘરેઘરે સમયસારનો અભ્યાસ થાય છે. ( –કોના પ્રતાપે ? ગુરુકહાનના પ્રતાપે. )

* જે આ સમયસારના ‘પક્ષી’ છે– એટલે કે સમયસારરૂપી પાંખ જેને મળી છે, તે પક્ષી જ્ઞાનગગનમાં ઊડે છે. સમયસારમાં જેવો શુદ્ધાઆત્મા કહ્યો તેવો લક્ષમાં લઈને તેનો જેણે પક્ષ કર્યો તે સમયસારનો પક્ષી, સમયસારરૂપી પાંખવાળો પંખી, જ્ઞાનરૂપી આકાશમાં નિરાલંબીપણે વિહરે છે–એટલે કે વિકલ્પનો પક્ષ છોડીને જ્ઞાનસ્વભાવનો તે અનુભવ કરે છે. સમયસારનો પક્ષ

એટલે શુદ્ધઆત્માનો પક્ષ. તેનો વિરોધ કરનારા સમયસારના વિપક્ષી જીવો તો જગતની જાળમાં ભટકે છે. શુધ્ધાત્મારૂપી સમયસારનો પક્ષ કરનારા જીવો શુદ્ધનયરૂપી પાંખવડે જ્ઞાનગગનમાં ઉડે છે એટલે કે નિરાલંબીપણે આકાશ જેવા અપાર જ્ઞાનસ્વભાવને તે અનુભવે છે.

* આ સમયસાર તો શુદ્ધ સોના જેવું નિર્મળ છે. સોનામાં એના અક્ષર કોતરાવીએ તોય મહિમા પૂરો ન થાય. સો ટચના સોના જેવા શુદ્ધ ભાવો આ સમયસારમાં ભર્યા છે; સમયસાર આત્માના ગંભીર ભાવોથી ભરેલું વિરાટ સ્વરૂપ છે. આવા સમયસારનું શ્રવણ કરતાં, –એટલે કે તેના વાચ્યરૂપ શુધ્ધઆત્માના લક્ષે ભાવશ્રવણ કરતાં ભવ્ય જીવને હૈયાનાં ફાટક ખુલ્લી જાય છે, સમ્યગ્દર્શનાદિ અપૂર્વભાવો પ્રગટ થાય છે.

* આ સમયસાર–કે જે ભગવાનની વાણી છે, તેના ભાવોની પરીક્ષા કરીને નિર્ણય કરે તો આત્માની સ્વાનુભૂતિ થઈ જાય, એને પછી શંકા ન રહે કે મારે હજી અનંત ભવ હશે! એ તો નિઃશંક થઈ જાય કે અહો! સમયસારે તો ન્યાલ કર્યો; અમે સંસારથી છૂટા પડીને મોક્ષના માર્ગમાં આવી ગયા....સમયસારે તો અશરીરી ચૈતન્યભાવ બતાવ્યો. આવું સમયસાર સાંભળીને જેણે આત્માની પ્રીતિ કરી તેને મોક્ષનાં ફાટક ખુલી ગયા..... ચૈતન્યના કબાટ ખુલી ગયા.

## * અરિહંતોનો પંથ......
## એ જ અમારો પંથ *

તમારો પંથ ક્યો? –પંથ એટલે માર્ગ; અરિહંત ભગવંતોનો જે માર્ગ છે તે જ અમારો માર્ગ છે, અમે અરિહંતોના પંથના છીએ.

અરિહંતોનો પંથ એટલે આત્માના આશ્રયે પ્રગટેલા શુદ્ધરત્નત્રય; તે જ માર્ગે અરિહંતો મોક્ષમાં ગયા છે, ને અમારો પણ તે જ માર્ગ છે. આવા શુદ્ધરત્નત્રયરૂપ અરિહંતમાર્ગ સિવાય બીજા કોઈ માર્ગથી મુક્તિ નથી–નથી.

શુદ્ધરત્નત્રય સિવાય બીજા કોઈ રાગાદિ ભાવથી મોક્ષ થવાનું જે માને તે અરિહંતના માર્ગને માનતો નથી, તે અરિહંતના પંથમાં નથી.

# 卐 નાનકડા બાળકોની કલમે 卐

(તા. ૮-૩-૭૧ ના રોજ સોનગઢ જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ માટે સંપાદકદ્વારા યોજાયેલી 'વ્યાખ્યાન-લેખન-સ્પર્ધા' માં બધા વિદ્યાર્થીઓએ ઉમંગથી ભાગ લીધો હતો, અને એ રીતે અધ્યાત્મલેખનનાં સંસ્કાર મેળવ્યા હતા. તે બદલ ધન્યવાદ! શ્રેષ્ઠ માર્ક મેળવનાર પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે- (૧) ભાસ્કર પોપટલાલ માર્ક ૮૪; (૨) જયેશકુમાર જયંતિલાલ માર્ક ૮૦; (૩) મગનલાલ ભીમજી માર્ક ૭૮; (૪) ભરતકુમાર વીરચંદ માર્ક ૭૭; (૫) કમલેશ શાંતિલાલ માર્ક ૬૫. લેખનમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ૪૦ રૂા. ની કિંમતનાં ઈનામો અપાયા હતા. (આ ઈનામની રકમ ગંગાબેન ખુશાલદાસ તરફથી આવેલ હતી.) ૧૨-૧૪ વર્ષની વયના નાના વિદ્યાર્થીઓની કલમે લખાયેલ વ્યાખ્યાનમાંથી કેટલોક ભાગ અહીં આપીએ છીએ.:)

* જે જાણે છે તે આત્મા છે; શરીર જડ છે; શરીર અને આત્માની ભિન્નતાનું ભાન તે ભેદજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનથી આત્મલાભ થાય છે. અને શરીર તથા આત્માને એક માનવા તે અભેદબુદ્ધિરૂપ મિથ્યાજ્ઞાન છે, તેનાથી સંસાર થાય છે.

* પરથી ભેદ અને સ્વથી અભેદ એવું સમ્યગ્જ્ઞાન છે.

* જે જાણે છે તે જીવ છે; જીવ જ્ઞાનાનંદસ્વરૂપ છે, તે અતીન્દ્રિય આનંદમય છે. શરીર અચેતન, જડ, નાશવાન છે. તે કાંઈ જાણતું નથી. લક્ષણભેદ દ્વારા સ્વ અને પરને (ચેતન અને અચેતનને) ભિન્ન જાણવા જોઈએ; તો જ ધર્મ થાય.

* અજ્ઞાની શરીરમાં અહંબુદ્ધિ કરે છે.

* ભગવાન આત્મા ચેતન છે, તેમાં રાગ નથી. ચેતનને ચેતન, અને અચેતનને અચેતન જાણીને પોતાના ચેતનસ્વભાવનો અનુભવ કરવો તે પ્રજ્ઞા છે. તે મોક્ષનું કારણ છે.

* જેમ હંસ દૂધ અને પાણીને જુદા પાડે છે, તેમ મોક્ષને સાધવા માટે વિવેકદ્વારા જીવ અને અજીવને જુદા જાણવા જોઈએ.

* પુદ્‌ગલાદિ પરદ્રવ્યમાં અહંબુધ્ધિ છોડી, રાગ–દ્વેષ દૂર કરી આત્મસ્વરૂપમાં લીન થવું જોઈએ.

* ભગવાન આત્મા પોતે અતીન્દ્રિય આનંદનો દરિયો છે; તેમાંથી રાગ–દ્વેષ દૂર કરીને આત્મસ્વરૂપમાં લીન થતાં આનંદ થાય છે. પોતાનો આનંદ પોતામાં છે; શરીરમાંથી કે બહારમાંથી આનંદ આવતો નથી.

* અજ્ઞાની જીવ કહે છે કે શરીર અને આત્મા એક જ છે, હું જ તેનો કર્તા છું. એમ જડનો કર્તા ચેતનને માને છે.

* હું જ્ઞાનસ્વરૂપ છું, એમ અજ્ઞાની જાણતો નથી, ને શુભ–અશુભ રાગ મારું કાર્ય છે, તેનો હું કર્તા છું એમ તે માને છે. આવી અજ્ઞાનબુદ્ધિથી જ કર્મ બંધાય છે.

* જ્યારે સ્વરૂપનું ભેદજ્ઞાન કરે ત્યારે જીવને સમ્યગ્જ્ઞાન થાય છે; ત્યારે તે જાણે છે કે હું જ્ઞાન છું, ને રાગ મારું સ્વરૂપ નથી; એટલે તે રાગનો કર્તા થતો નથી. તેને કર્મ બંધાતું નથી. આનું નામ ધર્મ છે.

* જડકર્મ અને જ્ઞાન જુદા છે.

કર્મે આત્માના જ્ઞાનને ઢાંકયું નથી. જીવ સાચો પુરુષાર્થ કરે ત્યાં સાચું જ્ઞાન પ્રગટે; અને સાચું જ્ઞાન પ્રગટે ત્યાં કર્મો ટળી જાય. જ્ઞાન અને કર્મ જુદા છે–એમ ધર્મી જાણે છે.

* રાગ–દ્વેષ–હર્ષ–શોકનું વેદન તો અજ્ઞાનીનું વેદન છે; જ્ઞાની તો પોતાના જ્ઞાન સ્વરૂપને તથા આનંદને જ વેદે છે, જડને તો કોઈ વેદતું નથી. આનંદનું વેદન તે જ જ્ઞાનીનું વેદન છે.

* દરેક જીવે આવું ભેદજ્ઞાન કરીને સાધકદશા પ્રાપ્ત કરવી જોઈએ.

* શરીર જડ છે; દુઃખ અને રાગ–દ્વેષ પણ જીવનું ખરૂં સ્વરૂપ નથી; જીવો તો જાણનાર સ્વરૂપ છે. જાણવામાં દુઃખ ન હોય. જાણનારસ્વરૂપમાં તો આનંદ છે.

* શરીરમાં વીંછી કરડયો, તેનું જીવને જ્ઞાન થયું, તે કાંઈ દુઃખનું કારણ નથી; પણ શરીર મારું અને મને વીંછી કરડયો એવી મિથ્યાબુદ્ધિ જ મહા દુઃખનું કારણ થાય છે. વીંછી કરડયો અને દુઃખ થયું–તે બંનેથી ધર્મી પોતાના જ્ઞાનસ્વરૂપને ભિન્ન જાણે છે. આવો જે જાણવારૂપ ભાવ છે તે જ સાચો આત્મા છે, દુઃખ તે ખરેખર આત્મા નથી.

* પ્રભુ! આવા આત્માનો તું અનુભવ કર! આત્મામાં અતીન્દ્રિય આનંદની સુગંધ ભરી છે.....શરીર મારું, હું તેનો કર્તા–એમ અજ્ઞાનની અને રાગની ગંધ અનાદિથી બેસાડી છે, તે કાઢી નાંખ,

અને અંતરમાં દેહથી ભિન્ન રાગથી ભિન્ન આત્માના આનંદની સુગંધ લે.

* ચેતનસ્વરૂપ ભગવાન આત્મા છે તે શરીરનો અને રાગનો અકર્તા છે, જ્યાં સુધી રાગને અને જ્ઞાનને એક અનુભવે છે ત્યાં સુધી જીવને ધર્મ થતો નથી.

* રાગમાં રોકાયેલું વીર્ય તે તો અજ્ઞાન છે; રાગથી ભિન્ન આત્માનું જ્ઞાન કરવું તેમાં અનંતું વીર્ય છે.

* રાગ અને પુણ્ય–પાપ તે તો મેલાં છે; ભગવાન આત્મા પવિત્ર છે.

* છએ દ્રવ્યના ગુણ–પર્યાયો પોતપોતામાં છે. જીવ અજીવના ગુણ–પર્યાય જુદેજુદા છે. કોઈ એકબીજાને કરતા નથી; આમ સર્વજ્ઞ ભગવાનના આગમમાં કહ્યું છે.

* રાગ તે જ્ઞાનનું કામ નથી.

* પરથી ભિન્ન પોતાના સ્વરૂપનો વિચાર કરવો.

* રાગ તે અંધકાર છે, તેમાંથી જ્ઞાનપ્રકાશ આવતો નથી. જ્ઞાનસૂર્યમાં રાગરૂપી અંધકાર નથી. જ્ઞાનપ્રકાશનો અનુભવ થાય ત્યાં રાગનું અંધારું દૂર થાય છે.

* જ્ઞાનમાં રાગ નથી; રાગમાં જ્ઞાન નથી.

* મિથ્યાત્વ તે મોટું પાપ છે. ચેતન–અચેતનને જુદા જાણવા તે સમ્યગ્જ્ઞાન છે. શરીર અને આત્માને એક માનવા તે અજ્ઞાન છે; અજ્ઞાન મોટું પાપ છે.

* શરીરનું હાલવું ચાલવું બોલવું તે જડની ક્રિયા છે; તે આત્માની ક્રિયા નથી. આત્માની ક્રિયા તો જ્ઞાન છે.

* સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો નાશ થાય છે, તેમ સમ્યગ્જ્ઞાનનો સૂરજ ઉગતાં મિથ્યાત્વનો અને રાગનો નાશ થાય છે.

* શરીરને પોતાનું માનનાર જીવ આત્માને સાધી શકતો નથી. દેહથી ભિન્ન આત્માને જાણનારા જીવો આત્માના સાધક થઇને સિદ્ધપદને સાધે છે.

* શરીરથી ભિન્ન ચૈતન્યને જાણે તે શરીર રહિત પદને પામે.

* એક આત્મા, તે પોતાનું કામ કરે અને જડનું કામ પણ કરે–એમ બે કામને કરે નહીં. આત્મા પોતાના જ્ઞાનનું કામ કરે પણ જડનું કામ કરે નહીં; આમ ભિન્નતા છે.

* આત્મા જડથી જુદો, અખંડ આનંદસ્વરૂપ છે. તેનું જ્ઞાન કરતાં સાધકપણું આવે છે. વ્યવહારના આશ્રયથી, કે રાગથી સાધકપણું આવતું નથી.

* આ તો ભગવાનનો માર્ગ છે. આમાં

કાયરનું કામ નથી; રાગનું આલંબન લેવા માંગે તે તો કાયર છે, તે મોક્ષને સાધી શકે નહીં. આ તો રાગ વગરનો વીતરાગનો માર્ગ છે.

* ચૈતન્ય–હંસલાને પુણ્ય–પાપરૂપી કાંકરાનો ખોરાક ન હોય. એ તો ભેદજ્ઞાનરૂપી ચાંચવડે સાચા મોતીના ચારા ચરનારો છે. અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા તેમાં વિકારનું વેદન નથી. વિકારના વેદનથી સિદ્ધ નથી થવાતું, વિકારથી જુદા સ્વભાવને ભેદજ્ઞાન વડે જાણીને, જ્ઞાનસ્વભાવના વેદન વડે સિદ્ધ થવાય છે.

* જ્ઞાનમાંથી વિકારનું કર્તૃત્વ છોડે ત્યારે જ સમ્યગ્જ્ઞાન અને મોક્ષમાર્ગ થાય છે. તે જીવ જ્ઞાનનો કર્તા અને વિકારનો અકર્તા થઈને મોક્ષને સાધે છે.

* રાગના કારણથી જીવને શુદ્ધતા થતી નથી; રાગનો–વ્યવહારનો આશ્રય છોડે ને સ્વભાવનો આશ્રય કરે ત્યારે જ શુદ્ધતા થાય છે.

* જે ચીજ પોતામાં નથી ને પોતે જેનામાં નથી, તેનું કાર્ય પોતાનું માનતાં જીવ પોતાના આત્માનું સાચું કાર્ય (ભેદજ્ઞાન) કરી શકતો નથી. સ્વ–પરને બરાબર ભિન્ન જાણે ત્યારે જ આત્માના અનુભવથી જીવને ભેદજ્ઞાન થાય છે, અને ત્યારે જ ધર્મ થાય છે.

卐 જય જિનેન્દ્ર 卐

# જૈન વિદ્યાર્થી ગૃહ-સોનગઢ

સોનગઢ–જૈન વિદ્યાર્થી ગૃહ તરફથી જણાવવામાં આવે છે કે તા. ૧૫–૬–૭૧ થી આ જૈન બોર્ડિંગનું નવું વર્ષ શરૂ થાય છે. ધોરણ ૫ થી ૧૧ સુધીના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છેઃ માસિક પૂરી ફી રૂા. ૪૦I– તથા ઓછી ફી રૂા. ૨૫I– છે. સ્કુલના શિક્ષણ ઉપરાંત ધાર્મિક શિક્ષણ અને પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનાદિનો પણ લાભ મળે છે. જે વિદ્યાર્થીને દાખલ થવા ઈચ્છા હોય તેણે પંદર પૈસાની પોસ્ટની ટિકિટ બીડીને નીચેના સરનામેથી પ્રવેશ ફોર્મ મંગાવી લેવા અને તા. ૨૦–૫–૭૧ સુધીમાં મોકલી દેવા.

–જૈન વિદ્યાર્થી ગૃહ સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્યગ્દર્શન આઠ અંગની કથા

**સમકિતસહિત આચાર હી સંસારમેં ઈક સાર હૈ।**
**જિનને કિયા આચરણ ઉનકો નમન સો-સો વાર હૈ।।**
**ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિયે।**
**અરુ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિયે।।**

## (૨) નિઃકાંક્ષ-અંગમાં પ્રસિદ્ધ અનંતમતીની કથા

(નિઃશંકતાઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા ગતાંકમાં આપે વાંચી; હવે બીજા નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ અનંતમતી સતીની કથા આપ અહીં વાંચશો.

અનંતમતી! ચંપાપુરીનાં પ્રિયદત્ત શેઠ તેના પિતા, અને અંગવતી તેની માતા, તેઓ જૈનધર્મના પરમ ભક્ત અને વૈરાગી ધર્માત્મા હતા, તેમના ઉત્તમસંસ્કાર અનંતમતીને પણ મળ્યા હતા.

અનંતમતી હજી તો સાત–આઠ વર્ષની બાલિકા હતી ને ઢીંગલા–ઢીંગલીની રમત રમતી હતી; એવામાં એકવાર અષ્ટાહ્નિકા વખતે ધર્મકીર્તિ મુનિરાજ પધાર્યા; અને સમ્યગ્દર્શનના આઠ અંગનો ઉપદેશ આપ્યો; તેમાં નિઃકાંક્ષગુણનો ઉપદેશ આપતાં કહ્યું કે–

હે જીવો! સંસારના સુખની વાંછા છોડીને આત્માના ધર્મની આરાધના કરો. ધર્મના ફળમાં જે સંસારસુખની ઈચ્છા કરે છે તે મૂર્ખ છે. સમ્યક્ત્વ કે વ્રતના બદલામાં મને દેવની કે રાજની વિભૂતિ મળો–એમ જે વાંછા કરે છે, તે તો સંસારસુખના બદલામાં સમ્યક્ત્વાદિ ધર્મને વેચી દે છે, છાશના બદલામાં રત્નચિંતામણી વેચી દેનાર જેવો તે મૂર્ખ છે. અહા, પોતામાં જ ચૈતન્ય–ચિંતામણિ જેણે દેખ્યો તે બાહ્ય વિષયોની વાંછા કેમ કરે?

અનંતમતીના માતા–પિતા પણ મુનિરાજનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા. અને અનંતમતીને પણ સાથે લાવ્યા હતા. ઉપદેશ બાદ તેમણે આઠ દિવસનું બ્રહ્મચર્યવ્રત લીધું; અને ગમ્મતમાં અનંતમતીને કહ્યું કે, તું પણ આ વ્રત લઈ લે. નિર્દોષ અનંતમતીએ કહ્યુંઃ ભલે, હું પણ તે વ્રત અંગીકાર કરું છું.

એ પ્રસંગને કેટલાંક વર્ષો વીતી ગયાં; અનંતમતી હવે યુવાન થઈ, તેનું રૂપ સોળકળાએ ખીલી ઊઠયું. રૂપની સાથે ધર્મના સંસ્કારો પણ ખીલતા ગયા.

એક વાર સખીઓ સાથે તે બાગમાં હરવા–ફરવા ગઈ હતી ને એક ઝૂલા પર ઝૂલી રહી હતી; એવામાં ત્યાંથી એક વિદ્યાધરરાજા નીકળ્યો, ને અનંતમતીનું અદ્ભુત રૂપ દેખીને તે મોહિત થઈ ગયો, એટલે વિમાનમાં તેને ઉપાડી ગયો–પણ એવામાં તેની રાણી આવી પહોંચી; તેથી ભયભીત થઈને તે વિદ્યાધરે અનંતમતીને એક ભયંકર વનમાં છોડી દીધી. આમ કુદરતયોગે એક દુષ્ટ રાજાના પંજામાંથી એની રક્ષા થઈ.

હવે ઘોરવનમાં પડેલી અનંતમતી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી જાય છે, ને ભયભીત થઈને રુદન કરે છે કે, અરે! આ જંગલમાં હું ક્યાં જાઉં? શું કરું! અહીં કોઈ માણસ તો દેખાતું નથી

–એવામાં તે જંગલનો રાજા ભીલ શિકાર કરવા નીકળેલો, તેણે અનંતમતીને દેખી.......અરે! આ તે કોઈ વનદેવી છે કે શું? આવી અદ્ભુત સુંદરી દૈવયોગે મને મળી છે–એમ તે દુષ્ટ ભીલ પણ તેના પર મોહિત થઈ ગયો ને તેને પોતાના ઘરે લઈ ગયો, અને કહ્યું–હે દેવી! હું તારા પર મુગ્ધ થયો છું અને તને મારી રાણી બનાવવા ઈચ્છું છું....તું મારી આશા પૂરી કર.

નિર્દોષ અનંતમતી તો એ પાપીની વાત સાંભળતા જ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી.....અરે! હું શીલવ્રતની ધારક.....ને મારા ઉપર આ શું થઈ રહ્યું છે! જરૂર પૂર્વે કોઈ ગુણીજનોના શીલ પર મેં ખોટા આળ નાખ્યા હશે, કે તેમનો અનાદર કર્યો હશે; તે દુષ્ટકર્મને લીધે અત્યારે જ્યાં જાઉં ત્યાં મારા ઉપર આવી વિપત્તિ આવી પડે છે. પણ હવે વીતરાગધર્મનું મેં શરણ લીધું છે, એના પ્રતાપે શીલવ્રતથી હું ડગવાની નથી. અંતે દેવો પણ મારા શીલની રક્ષા કરશે. ભલે પ્રાણ જાય પણ હું મારા શીલને નહીં છોડું.

તેણે ભીલને કહ્યું: અરે દુષ્ટ! તારી દુર્બુદ્ધિને છોડ. તારા ધનવૈભવથી હું કદી લલચાવાની નથી; તારા ધનવૈભવને હું ધિક્કારું છું'

અનંતમતીની આવી દ્રઢ વાત સાંભળીને ભીલરાજા ગુસ્સે થયો ને નિર્દયપણે તેના પર બળાત્કાર કરવા તૈયાર થયો......

એવામાં અચાનક જાણે આકાશ ફાટયું ને એક મહાદેવી ત્યાં પ્રગટ થઈ....એનું દૈવી તેજ તે દુષ્ટ ભીલ સહન ન કરી શક્યો, તેના હોશકોશ ઊડી ગયા.....ને હાથ જોડીને ક્ષમા માંગવા લાગ્યો. દેવીએ કહ્યું–આ મહાન શીલવ્રતી સતી છે, તેને જરાપણ સતાવીશ તો તારું મોત થઈ જશે. અને અનંતમતી પર હાથ મુકીને કહ્યું–બેટી! ધન્ય છે તારા શીલને; તું નિર્ભય રહેજે! શીલવાન સતીનો એક વાળ પણ વાંકો કરવા કોઈ સમર્થ નથી. આમ કહીને તે દેવી અદ્રશ્ય થઈ ગઈ.

ભયભીત થયેલો તે ભીલ અનંતમતીને લઈને ગામમાં એક શેઠને ત્યાં વેચી આવ્યો. તે શેઠે પહેલાં તો એમ કહેલું કે હું અનંતમતીને તેના ઘેર પહોંચાડી દઈશ;–પરંતુ તે પણ અનંતમતીનું રૂપ દેખીને કામાંધ થઈ ગયો, ને કહેવા લાગ્યો–હે દેવી! તારા હૃદયમાં તું મને સ્થાન દે......અને મારા આ અપાર ધનવૈભવને તું ભોગવ.

એ પાપીની વાત સાંભળતાં જ અનંતમતી સ્તબ્ધ થઈ ગઈ.....અરે! વળી આ શું થયું? તે સમજાવવા લાગી કે હે શેઠ! આપ તો મારા પિતા તુલ્ય છો. દુષ્ટ ભીલ પાસેથી અહીં આવતાં હું તો એમ સમજતી હતી કે મારા પિતા મળ્યા....ને તમે મારા ઘરે પહોંચાડશો. અરે, તમે ભલા માણસ થઈને આવી નીચ વાત કેમ કરો છો? આ તમને શોભતું નથી; –માટે આવી પાપબુદ્ધિ છોડો.

ઘણું સમજાવવા છતાં દુષ્ટ ન સમજ્યો, ત્યારે અનંતમતીએ વિચાર્યું કે આ દુષ્ટ પાપીનું હૃદય વિનયપ્રાર્થના વડે નહીં પીગળે.....એટલે ક્રોધદ્રષ્ટિપૂર્વક તે સતીએ કહ્યું કે, અરે દુષ્ટ! કામાંધ! તું દૂર જા....હું તારું મોઢું પણ જોવા માગતી નથી.

એનો ક્રોધ દેખીને શેઠ પણ ભયભીત થઈ ગયો ને એની અક્કલ ઠેકાણે આવી ગઈ. ગુસ્સાપૂર્વક તેણે અનંતમતીને કામસેના નામની એક વેશ્યાને ત્યાં સોંપી દીધી.

અરે, ક્યાં ઉત્તમ ધર્મસંસ્કારવાળા માતા–પિતાનું ઘર! ને ક્યાં આ વેશ્યાનું ઘર!! અનંતમતીના અંતરમાં વેદનાનો પાર નથી; પણ પોતાના શીલવ્રતમાં તે અડગ છે. સંસારના વૈભવો દેખીને ક્યાંય તેનું મન લલચાતું નથી.

આવી સુંદરી પોતાને પ્રાપ્ત થવાથી કામસેના વેશ્યા ઘણી ખુશી થઈ, ને પોતાને ઘણી કમાણી થશે એમ સમજીને અનંતમતીને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગી; તેણે અનેક પ્રકારે કામોત્તેજક વાતો કરી, ઘણી લાલચ આપી, ઘણો ત્રાસ આપ્યો, પણ અનંતમતી તો પોતાના શીલધર્મથી રંચમાત્ર ન ડગી. કામસેનાને તો એવી આશા હતી કે આ યુવાન સ્ત્રીનો વેપાર કરીને હું ઘણું ધન કમાઈશ, પણ એની આશા ઉપર પાણી ફરી વળ્યું. એ બિચારી વિષયલોલુપ બાઈને ક્યાંથી ખબર હોય કે આ યુવાન બાઇએ તો ધર્મની જ ખાતર પોતાનું જીવન અર્પી દીધું છે, ને સંસારના કોઈ વિષયભોગોની તેને જરાય આકાંક્ષા નથી; સંસારના ભોગો પ્રત્યે તેનું ચિત્ત એકદમ નિષ્કાંક્ષ છે. શીલની રક્ષા કરતાં ગમે તેવું દુઃખ આવી પડે તેનો ભય નથી. અહા! જેનું ચિત્ત નિષ્કાંક્ષ છે તે ભયવડે પણ સંસારના સુખને કેમ ઈચ્છે? જેણે પોતાના આત્મામાં જ પરમસુખનાં નિધાન દેખ્યાં છે તે ધર્માત્મા, ધર્મના ફળમાં સંસારના દેવાદિક વૈભવના સુખને સ્વપ્નેય વાંછતા નથી–એવા નિઃકાંક્ષ છે; તેમ અનંતમતીએ પણ શીલગુણની દ્રઢતાને લીધે સંસારના સર્વે વૈભવની આકાંક્ષા છોડી દીધી; કોઈપણ વૈભવથી લલચાયા વગર તે શીલમાં અડગ રહી. અહા! સ્વભાવના સુખ પાસે સંસારના સુખને કોણ વાંછે? ખરેખર, સંસારના સુખની વાંછાથી છૂટીને નિઃકાંક્ષ થયેલી અનંતમતીની આ દશા એમ સૂચવે છે કે તેના પરિણામનો પ્રવાહ હવે સ્વભાવસુખ તરફ ઝૂકી રહ્યો છે. આવા ધર્મસન્મુખ જીવો સંસારનાં દુઃખથી કદી ડરતા નથી ને પોતાનો ધર્મ કદી છોડતા નથી. સંસારના સુખને વાંછનારો જીવ પોતાના ધર્મમાં અડગ રહી શકતો નથી. દુઃખથી ડરીને તે ધર્મ પણ છોડી દે છે.

જ્યારે કામસેનાએ જાણ્યું કે અનંતમતી કોઈપણ રીતે તાબે થવાની નથી, ત્યારે તેણે ઘણું ધન લઈને સિંહારાજ નામના રાજાને તે સોંપી દીધી.

બિચારી અનંતમતી! જાણે સિંહના જડબામાં જઈ પડી! વળી પાછી તેના પર નવી આફત આવી દુષ્ટ સિંહરાજા પણ તેના પર મોહિત થયો પણ અનંતમતીએ તેનો તિરસ્કાર કર્યો; વિષયાંધ બનેલો તે પાપી અભિમાનપૂર્વક સતી પર બલાત્કાર કરવા તૈયાર થયો–પણ ક્ષણમાં એનું અભિમાન ઊતરી ગયું. –સતીના

પુણ્યપ્રતાપે. (નહીં, –શીલપ્રતાપે) વનદેવી ત્યાં હાજર થઈ ને દુષ્ટ રાજાને શિક્ષા કરતાં કહ્યું કે, ખબરદાર... ભૂલેચૂકે પણ આ સતીને હાથ લગાડીશ નહીં. સિંહરાજા તો દેવીને દેખતાં જ શિયાળ જેવો થઈ ગયો, તેનું હૃદય ભયથી કંપી ઊઠયું; તેણે માફી માગી; અને તરત જ સેવકને બોલાવીને અનંતમતીને માનસહિત જંગલમાં મૂકી આવવાનું કહ્યું.

હવે અજાણ્યા જંગલમાં ક્યાં જવું? એનો કાંઈ અનંતમતીને પત્તો નથી આટલા આટલા ઉપદ્રવોની વચ્ચે પણ પોતાના શીલધર્મને રક્ષા થઈ તેના સંતોષપૂર્વક, ઘોર જંગલની વચ્ચે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી તે આગળ વધી. તેના મહાન ભાગ્યે થોડીવારમાં તેણે આર્યિકાઓનો સંઘ દેખ્યો અત્યંત આનંદપૂર્વક તે આર્યિકા માતાના શરણમાં ગઈ. અહા! વિષયલોલુપ સંસારમાં જેને ક્યાંય શરણ ન મળ્યું તેણે વીતરાગમાર્ગી સાધ્વીનું શરણ લીધું; તેમના આશ્રયે આંસુભીની આંખે તેણે પોતાની વીતકકથા કહી; તે સાંભળીને ભગવતી આર્યિકામાતાએ વૈરાગ્યપૂર્વક તેને આશ્વાસન આપ્યું ને તેના શીલની પ્રશંસા કરી. ભગવતી માતાના શરણમાં રહીને તે અનંતમતી શાંતિપૂર્વક પોતાનું આત્મસાધન કરવા લાગી.

હવે આ તરફ ચંપાપુરીમાં જ્યારે વિદ્યાધર તેને ઉપાડી ગયો ત્યારે તેનાં માતા–પિતા ખૂબ દુઃખી થયા. પુત્રીના વિયોગથી ખેદખિન્ન થયેલા ચિત્તને શાંત કરવા તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યા; અને યાત્રા કરતાં કરતાં તીર્થંકર ભગવંતોની જન્મપુરી અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યા. પ્રિયદત્તના સાળા (અનંતમતીના મામા) જિનદત્ત શેઠ અહીં જ રહેતા હતા; ત્યાં આવતાંવેંત આંગણામાં એક સુંદર રંગોળી દેખીને પ્રિયદત્ત શેઠની આંખમાંથી આંસુની ધાર ચાલી; પોતાની વહાલી પુત્રીને યાદ કરીને તેમણે કહ્યું કે મારી પુત્રી અનંતમતી પણ આવી જ રંગોળી કાઢતી હતી; માટે જેણે આ રંગોળી કાઢી હોય તેની પાસે મને લઈ જાવ.

હવે એ રંગોળી કાઢનાર બીજાું કોઈ ન હતું પણ અનંતમતી પોતે જ હતી; પોતાના મામાને ત્યાં ભોજન કરવા આવી ત્યારે તેણે આ રંગોળી કાઢી હતી, ને પાછી તે આર્યિકાસંઘમાં ચાલી ગઈ હતી. તરત જ સૌ તે સંઘમાં પહોંચ્યા. પોતાની પુત્રીને દેખીને, અને તેની વીતકકથા સાંભળીને શેઠ ગદ્ગદ્ થઈ ગયા, અને કહ્યું; બેટી! તેં બહુ કષ્ટ ભોગવ્યાં, હવે અમારી સાથે ઘેર ચાલ....ને તારા લગ્નની તૈયારી કરીએ.

લગ્નનું નામ સાંભળતાં જ અનંતમતી ચમકી, અને બોલી ઊઠીઃ પિતાજી! તમે આ શું કહો છો? મેં તો બ્રહ્મચર્યવ્રત લીધું છે, ને આપ પણ તે જાણો છો. આપે જ મને તે વ્રત અપાવ્યું હતું.

પિતાજી કહેઃ 'બેટી, એ તો મારી નાનપણની ગમ્મત હતી; તેમ છતાં તે ગમ્મતની પ્રતિજ્ઞાને પણ તું સત્ય માનતી હો તોપણ તે વખતે આઠ જ દિવસ પૂરતી પ્રતિજ્ઞાની વાત હતી; માટે હવે તું લગ્ન કર. '

અનંતમતીએ દ્રઢતાથી કહ્યુંઃ પિતાજી! આપ ભલે આઠ દિવસનું સમજ્યા હો પણ મેં તો મારા મનથી આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા ધારણ કરી છે. મારી પ્રતિજ્ઞા હું પ્રાણાન્તે પણ તોડીશ નહીં; માટે આપ લગ્નનું નામ ન લેશો. '

છેવટે પિતાજીએ કહ્યું; 'ભલે બેટી, જેવી તારી ખુશી. પણ હવે તું અમારી સાથે ઘેર ચાલ, અને ત્યાં ધર્મધ્યાન કરજે. '

ત્યારે અનંતમતી કહે છે– 'પિતાજી! આ સંસારની લીલા મેં જોઈ લીધી સંસારમાં ભોગ–લાલસા સિવાય બીજું શું છે? એનાથી હવે બસ થાઓ. પિતાજી! આ સંસારસંબંધી કોઈ ભોગોની મને આકાંક્ષા નથી. હું તો હવે દીક્ષા લઈને આર્જિકા થઈશ. ને આ ધર્માત્મા–આર્જિકાઓની સાથે રહીને મારા આત્મિક સુખને સાધીશ.'

પિતાએ તેને રોકવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ જેના રોમરોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય તે આવા અસાર સંસારમાં કેમ રહે? સંસારસુખોને સ્વપ્ને પણ ન ઇચ્છનારી એવી તે અનંતમતી નિઃકાંક્ષભાવનાના દ્રઢ સંસ્કારબળે મોહબંધનને તોડીને વીતરાગધર્મને સાધવા તત્પર બની હતી; તેણે પદ્મશ્રી–અર્જિકા સમીપ દીક્ષા અંગીકાર કરી લીધી. અને ધર્મધ્યાનપૂર્વક સમાધિમરણ કરી, સ્ત્રીપર્યાયને છેદીને બારમા દેવલોકમાં ઉપજી.

રમતાં રમતાં લીધેલા શીલવ્રતનું પણ જેણે દ્રઢપણે પાલન કર્યું અને સ્વપ્નેય સંસારસુખને ન ઈચ્છયું. તેમ જ સમ્યક્ત્વથી કે શીલના પ્રભાવથી આવી ૠદ્ધિ મને મળો–એવી આકાંક્ષા પણ જેણે ન કરી, તે અનંતમતી દેવલોકમાં ગઈ; અહા! દેવલોકના આશ્ચર્યકારી વૈભવની શી વાત! પણ પરમ નિઃકાંક્ષતાને લીધે તેનાથી પણ ઉદાસ રહીને તે અનંતમતી પોતાના આત્મહિતને સાધી રહી છે. ધન્ય છે એની નિઃકાંક્ષતાને

**( -આ કથા, સંસારસુખની વાંછા છોડીને આત્મિકસુખને જ**

**સાધવામાં તત્પર થવાનું આપણને શીખવે છે. )**

# આત્મસાધનામાં વૈરાગ્યધારા ઉલ્લસે છે.

**( ભાવપ્રાભૃત ગા. ૧૦૬ થી ૧૧૦ના પ્રવચનમાંથી )**

અહીં ભાવશુદ્ધિ માટે સરળ પરિણામનો ઉપદેશ છે. પોતાના દોષને, ગુણથી અધિક એવા ધર્માત્મા ગુરુ પાસે સરળતાથી, માનમરતબો મુકીને નિવેદન કર. બાળક જેવો સરળ થઈને પોતાના દોષની નિંદા કરવી તે ભાવશુદ્ધિનું કારણ છે. નિષ્કપટપણે ગુરુ પાસે કહેવાથી દોષ ટળી જાય છે.

દુર્જનના વચનરૂપી ચપટી એટલે નિષ્ઠુર–કડવા આકરા વચન કહે છતાં પણ સજ્જન ધર્માત્મા મુનિ તે સહન કરીને ક્ષમા રાખે છે. સ્વભાવની શાંતિને સાધનારા મુનિઓ દેહ–વચનની મમતાથી રહિત છે, અકષાય પરિણામથી તે સહન કરે છે. અરે, મારું અપમાન થયું–એવું શલ્ય પણ નથી રાખતા. ને પોતાને કાંઈ વચનની મમતા નથી કે આણે મને આમ કહ્યું માટે હું તેને કંઈક કહું, જેથી બીજીવાર કાંઈ કહે નહીં. અંદરમાં ચૈતન્યના ઉપશમભાવને સાધવામાં મશગુલ મુનિઓ જગતના વચનના કલેશમાં પડતા નથી, એમને એવી નવરાશ જ ક્યાં છે કે એવામાં પડે! વચનનો ઉપદ્રવ આવે કે દેહ ઉપર ઉપદ્રવ આવે તોપણ મુનિઓ આત્મશાંતિથી ચલિત થતા નથી. જે અંદર ચૈતન્યની શાંતિમાં વર્તે છે તેને સર્વત્ર શાંતિ જ છે. જગતમાં બીજું કાંઈ શરણ નથી; શરણ એક ચૈતન્ય નિર્ભયરામ જ છે. દુર્વચન સાંભળતા ક્રોધ કરે તો તે મહાન શેનો? હજારો યોદ્ધાને જીતનારા યોદ્ધા કરતાં ક્રોધને જીતનારા મુનિઓ મહાન છે. અરે મુનિ! દુષ્ટ જીવના વચનોને તું તારા પાપના નાશનું કારણ બનાવ.

અહા, ભવથી ઉદાસ, શરીરથી ઉદાસ, સંસારભોગોથી ઉદાસ એવા વૈરાગ્યવંત મુનિવરો મોક્ષને અર્થે ચૈતન્યને આરાધે છે...એવા મુનિઓનું દ્રષ્ટાંત આપીને કહે છે કે–અરે જીવ! તું ક્રોધને છોડ! ને ક્ષમાગુણને ધારણ કર. સામા જીવોના પરિણામ તેની પાસે રહ્યા. બીજાના પરિણામની જવાબદારી પોતાના ઉપર નથી, પણ પોતાના પરિણામમાં હે જીવ! તું ક્ષમા રાખ. જગતની પ્રતિકુળતાના પ્રસંગે સંતો અંદર ચૈતન્યના શાંતિના કુવામાં ફડાક કરતા ઊંડે ઊતરી જાય છે......શ્રાવક તે પણ મુનિનો ભક્ત અને ઉપાસક છે. તેણે પણ આવી પરિણામશુદ્ધિ પ્રગટ કરવા યોગ્ય છે. પંચમકાળમાં પ્રતિકૂળતા તો હોય; માટે તું બહુ સાવચેતીથી ક્ષમાભાવને જાળવજો.

( અનુસંધાન પાનું : ૨૯ )

# સ......મ્ય......ગ્દ......ર્શ......ન

**( ફાગણ વદ ૧૦ ના પ્રવચનમાંથી )**

અહીં કારણસ્વભાવ અને કાર્યસ્વભાવ બતાવીને સમજાવે છે કે હે ભાઈ, તારે જે આત્માનું કાર્ય પ્રગટ કરવું છે તેનું કારણ તારા સ્વભાવમાં જ છે.

આવા કારણસ્વભાવને અવલંબીને સંતો આત્મામાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે ને મોક્ષને સાધે છે. મોક્ષના ઇચ્છુક જીવોને માટે આ પ્રસિદ્ધ માર્ગ છે.

અહો, સમ્યગ્દર્શનરૂપી શુદ્ધ કાર્ય પ્રગટે એવું સામર્થ્ય અત્યારે જ આત્મામાં વિદ્યમાન છે; જ્યાં કારણપણે તેનો સ્વીકાર કર્યો ત્યાં સમ્યગ્દર્શનાદિ કાર્ય પણ હોય જ છે. આમ કારણ–કાર્યની મહાન સંધિ છે.

કારણ કોનું? કે કાર્ય થયું તેનું. જેવું શુદ્ધ–આનંદમય કાર્ય થયું, તેવું જ કારણ વિદ્યમાન છે; આ રીતે કારણ–કાર્ય બન્ને એક જાતનાં ( શુદ્ધ ) છે, –તેને જ્ઞાની જ જાણે છે, અને તેઓ સમ્યગ્દર્શનાદિને સાધે છે.

બીજે બધેથી દ્રષ્ટિ હઠાવીને, અંતરમાં સહજ નિજાત્મતત્ત્વને દ્રષ્ટિમાં લે, તેમાં એકાગ્રતાથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રસિદ્ધ થાય છે; આ પ્રસિદ્ધ માર્ગને હે જીવો! તમે ભક્તિથી આરાધો.

સહજ ચૈતન્યરૂપ આત્મા પોતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે તે પ્રસિદ્ધ મોક્ષમાર્ગ છે. –આમ જાણીને તીક્ષ્ણબુદ્ધિવાળા શુદ્ધદ્રષ્ટિજીવો પોતાના શુદ્ધઆત્માને એકને જ ભજે છે.

આચાર્યદેવ કહે છે કે અહા! આવો મોક્ષમાર્ગ પ્રસિદ્ધ છે.....જ્ઞાનીઓને અંતરમાં પ્રગટ અનુભવાય છે; તેને જાણીને તમે પણ પોતાના સહજ પરમાત્મતત્ત્વના આશ્રયે મોક્ષમાર્ગને પ્રગટ અનુભવો.....સ્વયં સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગરૂપે પરિણમો.

**એવા સમ્યક્ત્વાદિ-પરિણત સર્વે સંતોને**

**આનંદપૂર્વક નમસ્કાર હો.**

# આનંદની જન્મભૂમિ

**( ફાગણ સુદ ૧૧ ના પ્રવચનમાંથી )**

મોક્ષનો માર્ગ શુદ્ધરત્નત્રય છે, અને તે સ્વદ્રવ્યને આશ્રિત છે. સ્વદ્રવ્ય તે આનંદનું જન્મધામ છે....તેમાં દૃષ્ટિ કરતાં જ શાંતિરૂપ આનંદપર્યાયનો જન્મ થાય છે.

જેને સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધસમ્યગ્દર્શન થયું છે તેને નિમિત્તરૂપ એવા વીતરાગસર્વજ્ઞદેવની પરમભક્તિ સહેજે હોય છે.

રે જીવ! આ ભવભયને ભેદનારા ભગવાન પ્રત્યે શું તને ભક્તિ નથી? જો નથી, તો તું ભવસમુદ્રની વચમાં મગરમચ્છના મોઢામાં પડયો છો. – વીતરાગસર્વજ્ઞદેવની પરમભક્તિ અને તેમણે કહેલા અંતર્મુખ વીતરાગમાર્ગની ઉપાસના તે જ ભવસમુદ્રને તરવાનું કારણ છે. માટે હે ભવ્ય! ભગવાને કહેલા માર્ગને ઓળખીને ભક્તિથી તેનું સેવન કર...જેથી તારા ભવનો નાશ થશે ને તને મોક્ષસુખ પ્રાપ્ત થશે.

અંતર્મુખ થઈને જેણે પોતાના અતીન્દ્રિયઆનંદને અનુભવ્યો છે એવા ધર્મી જાણે છે કે અહો! મારો જે અતીન્દ્રિય આનંદ, તેનું જન્મધામ મારો આત્મા છે. મારું સહજ આત્મતત્ત્વ પોતે જ આનંદની ઉત્પત્તિનું સ્થાન છે.

અંતરમાં આવા આનંદધામ આત્માની શ્રદ્ધાવડે સમ્યગ્દર્શન થયું છે. ધર્મીએ અંતરમાં પોતાનો જે આવો આનંદ દેખ્યો તે સિવાય બીજા કોઈની તેને અભિલાષા નથી. નિજ પરમાત્માનું જે પરમ સુખ તેનો જ તે અભિલાષી છે; તેનો સ્વાદ ચાખ્યો છે, એટલે અંતરમાં 'આનંદપુત્ર'નો અવતાર થયો છે. જેમ દરિયો પોતે પોતામાં ડોલે તેમ ધર્મી પોતે પોતાના આનંદસમુદ્રમાં ડોલે છે એટલે કે આનંદને અનુભવે છે. સમ્યક્ત્વની સાથે જ આવો આનંદ હોય છે.

**આ રીતે 'સમ્યક્ત્વ' અને 'આનંદ' બન્ને સદાય સાથે જ રહેનારા છે.**

# * મૈં સબકો જાનનહાર..... *

પં. શ્રી બુધજન કવિ રચિત આ અધ્યાત્મભજન, માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ અવારનવાર બોલે છે; તે જિજ્ઞાસુઓની માંગણીથી અહીં અર્થસહિત આપવામાં આવ્યું છે. ( સં. )

હમકૌં કછુ ભય ના રે, જાન લિયો સંસાર।।હમકૌં ૦
જો નિગોદમૈં, સો હી મુઝમૈં, સો હી મોક્ષમંઝાર।
નિશ્ચય ભેદ કછુ ભી નાહીં, ભેદ ગિનૈ સંસાર।।હમકો ૦
પરવશ હ્વૈ આપા વિસારિકે, રાગ **દોષકૌ** ધાર।
જીવત મરત અનાદિ કાલતેં, યોં હી હૈ ઉરઝાર।। હમકૌં ૦
જાકરિ જૈસેં જાહિ સમયમેં, જો હોતા જા દ્વાર।
સો બનિહૈ ટરિહૈ કછુ નાહીં, કરિ લીનૌ નિરધાર।।હમકૌં ૦
અગનિ જરાવૈ પાની બોવૈ, વિછુરત મિલત અપાર।
સો પુદ્‌ગલરૂપી મૈં ‘બુધજન’ સબકૌ જાનનહાર।।હમકૌં ૦

‘બુધજન’ એટલે કે જ્ઞાનીજનો કહે છે કે અમે આ સંસારનું સ્વરૂપ જોઈ લીધું છે, અને તેમાં સર્વને જાણનારા એવા અમારા જ્ઞાનસ્વરૂપને પણ જાણી લીધું છે, તેથી હવે અમને કોઈ ભય નથી.

નિશ્ચયથી આત્માનું શુદ્ધસ્વરૂપ જેવું મોક્ષમાં છે તેવું જ નિગોદમાં છે, અને તેવું જ અત્યારે મારામાં છે; અર્થાત્ નિગોદાદિ બહિરાત્મદશા, વર્તમાન સાધકરૂપ અંતરાત્મદશા, અને મોક્ષરૂપ પરમાત્મદશા, –એ સર્વ દશા વખતે નિશ્ચયથી આત્માનું જે શુદ્ધસ્વરૂપ છે તેમાં કોઈ ભેદ નથી; પર્યાયના ભેદે શુદ્ધસ્વભાવમાં પણ ભેદ ગણતાં પર્યાયબુદ્ધિ થાય છે, અને તે સંસાર છે. પરંતુ અમે તો નિશ્ચયથી એકરૂપ સ્વરૂપ જાણ્યું છે, તેથી અમને સંસારનો ભય નથી.

અત્યાર સુધી આત્માનું શુદ્ધસ્વરૂપ વિસારીને હું પરવશ રહ્યો અને મેં રાગ–દ્વેષને ધારણ કર્યા; તેથી અનાદિકાળથી સંસારમાં જન્મ–મરણ કર્યા, અજ્ઞાનને લીધે અનાદિથી આવી મુંઝવણ ને દુઃખ જીવે સહન કર્યું. –પરંતુ હવે જ્ઞાનસ્વરૂપને જાણી લીધું–તેથી સંસારનો કોઈ ભય ન રહ્યો.

( અનુસંધાન પાનું ૩૧ )

# માર્ગ અને માર્ગનું ફળ

**નિજપરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.**

**-અને તે શુદ્ધ રત્નત્રયનું ફળ સ્વાત્મ-ઉપલબ્ધિ અર્થાત્ નિજશુદ્ધાત્માની પ્રાપ્તિ છે, -જે પરમ આનંદરૂપ છે.**

મોક્ષના આવા માર્ગનું અને તેના ફળનું સાચું કથન જિનશાસનમાં છે. પરથી અત્યંત નિરપેક્ષ એવો વીતરાગ મોક્ષમાર્ગ પૂર્વાચાર્યોએ બતાવ્યો છે, તે માર્ગમાં કોઈ બીજાની અપેક્ષા નથી; બીજાનો આશ્રય નથી. પોતાના શુદ્ધ આત્મસ્વભાવના સાચા શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતારૂપ રત્નત્રય તે શુદ્ધ રત્નત્રય છે; આવા શુદ્ધ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રય તે મોક્ષનો ઉપાય છે. એમાં પરની કે રાગની ભેળસેળ જરાપણ નથી, એકલા સ્વદ્રવ્યના જ આશ્રયે છે–તેથી તે શુદ્ધ છે, પરની અપેક્ષારહિત છે. પોતાના આત્મા સિવાય બીજા કોઈની અપેક્ષા કે આશ્રય મોક્ષમાર્ગમાં નથી; એટલે પરના આશ્રયે જે ભાવ થાય તે મોક્ષમાર્ગ નથી. સ્વાત્મ–ઉપલબ્ધિ એટલે પોતાના આત્માનું જેવું સ્વરૂપ છે તેવી પ્રગટ પ્રસિદ્ધિ, તેની પ્રાપ્તિનો માર્ગ સ્વદ્રવ્યના જ આશ્રયે છે. –આવો માર્ગ આ પરમાગમમાં પ્રસિદ્ધ કર્યો છે.

ભાઈ ! જિનશાસનમાં ભગવાને કહેલા આવા સ્વાશ્રિત માર્ગને તું ઓળખ, અને આનાથી વિપરીત એવા પરાશ્રિતમાર્ગની શ્રદ્ધા છોડ. સાચા માર્ગનું સ્વરૂપ નક્કી કરીને તું ત્વરાથી સ્વદ્રવ્યનો આશ્રય કર ને પરદ્રવ્યનો આશ્રય ત્વરાથી છોડ. સ્વદ્રવ્યની અનુભૂતિ તો સ્વદ્રવ્યના જ આશ્રયે થાય ને ! –એ તો સ્પષ્ટ વાત છે.

પર દ્રવ્યના આશ્રયે થતા જે વ્યવહારરત્નત્રય તે ખરેખર મોક્ષમાર્ગ નથી. સ્વદ્રવ્યના આશ્રયે થતા શુદ્ધરત્નત્રય તે જ એક મોક્ષમાર્ગ છે. અહા ! મારો આત્મા જ સ્વભાવથી પૂરા સામર્થ્યવાળો છે. –તેના જ અનુભવથી મોક્ષનો પરમાનંદ સધાય છે, પછી બીજા કોઈની પણ અપેક્ષા મને નથી. મોક્ષમાર્ગમાં પર તરફ ઝુકાવ જ નથી,


સ્વદ્રવ્ય તરફ ઝુકતાં મોક્ષ સધાય છે. –આમ ધર્મી જાણે છે કે મારા મોક્ષનું કારણ મારો આત્મા જ છે, બીજું કોઈ મારા મોક્ષનું કારણ નથી. પોતાના આત્મામાં જેણે પૂર્ણતા દેખી તે પોતાના સિવાય બીજાનો આશરો કેમ લ્યે! જે બીજાના આશ્રયે મોક્ષનું સાધન કરવા માંગે છે તેણે પોતાના પૂર્ણ સ્વભાવને જાણ્યો જ નથી; પૂર્ણ સ્વભાવ જાણે તે બીજા પાસે ભીખ માંગે નહીં, પરાશ્રયે મોક્ષમાર્ગ માને નહીં. રાગનો એક કણિયો પણ સારો માને તો રાગ વગરના સ્વભાવને તેણે માન્યો નથી. શુદ્ધ આત્માની ઉપલબ્ધિ શુદ્ધ આત્માના જ આધારે છે. માટે હે જીવ! આવા સ્વાશ્રિત જિનમાર્ગને પામીને તું તારી બુદ્ધિને પોતાના શુદ્ધાત્મામાં જોડ; પરાશ્રયની બુદ્ધિને તોડ અને અંતર્મુખ થઈને શુદ્ધરત્નત્રયમાં તારા આત્માને જોડ. ભગવાનનો માર્ગ તો નિજાત્મામાં જ એકાગ્ર થવાનો છે. પરના આશ્રયે રાગ થાય તેને કાંઈ ભગવાને મોક્ષનો ઉપાય કહ્યો નથી. અંતરમાં રાગાદિથી પાર એવું જે પોતાનું સહજ પરમ ચૈતન્ય તત્ત્વ, તેમાં એકાગ્ર થતાં પરમ શાંત ચૈતન્ય વીતરાગરસ અનુભવાય છે ને તે જ મોક્ષનો ઉપાય છે. બધાય તીર્થંકર ભગવંતોએ આચરેલો અને ઉપદેશેલો એવો આ એક જ સ્વાશ્રિત મોક્ષમાર્ગ છે.

આચાર્ય ભગવાન કહે છે કે અહો, ભવ્ય જીવો! આવા સ્વાશ્રિત મોક્ષમાર્ગરૂપ શુદ્ધ દર્શન–જ્ઞાન–ચારિત્ર તે નિયમથી સારભૂત કર્તવ્ય છે. મોક્ષને માટે તમે આવા શુદ્ધ રત્નત્રય માર્ગને આરાધો, અને બીજા પરાશ્રિતભાવોને છોડો, આવા સ્વાશ્રિત મોક્ષમાર્ગથી વિપરીત જે કોઇ ભાવો છે તે છોડવા યોગ્ય છે. આવો વીતરાગી મોક્ષમાર્ગ તે જ ખરેખર સારભૂત છે, ને તે મોક્ષાર્થી જીવે ચોક્કસ કરવા જેવું કર્તવ્ય છે. વચ્ચે વ્યવહાર અને પરાશ્રય આવી જાય તે કાંઈ સારભૂત નથી, મોક્ષને માટે તે કાંઈ કર્તવ્ય નથી; મોક્ષનો માર્ગ તેની અપેક્ષા વગરનો છે. અહો, પરમ વૈરાગ્ય પરિણતિરૂપ, અને સર્વથા અંતર્મુખ એવો મોક્ષનો માર્ગ ભગવાને કહ્યો છે, તે જ માર્ગ સાધીને વીતરાગમાર્ગી સંતોએ આ પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યો છે. આવા માર્ગનું શ્રવણ કરવું તે પણ મહાન ભાગ્ય છે, અને આત્મામાં આ માર્ગનો નિર્ણય કરતાં તો મોક્ષના દરવાજા ખુલી જાય છે; તેનું ફળ આત્માના પૂર્ણાનંદના અનુભવરૂપ મોક્ષ છે.

**આવો મોક્ષ અને તેનો માર્ગ ભગવાને કહ્યો છે;**

**ભવ્ય જીવો ભક્તિપૂર્વક તેને આરાધો.**

**( -નિયમસાર ગાથા ૨ )**



# કારણ-કાર્યની અપૂર્વ સંધિ સહિત સુંદર મોક્ષમાર્ગ

*****

'નિયમ' એટલે ચોક્કસ; મોક્ષને માટે જે ચોક્કસ; કરવા જેવું કાર્ય છે તે નિયમ છે, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે નિયમ છે. તેમાં પણ જે સાર છે તે નિયમ–સાર છે એટલે શુદ્ધ સ્વાભાવિક એવી નિર્વિકલ્પ રત્નત્રય પરિણતિ તે નિયમસાર છે.....તે જ નિર્વાણરૂપ મોક્ષસુખનું કારણ છે....એટલે મોક્ષને તે નિયમથી કર્તવ્ય છે.

મોક્ષાર્થી જીવને મોક્ષને માટે આવા શુદ્ધરત્નત્રય પ્રગટ કરવા તે પ્રયોજન છે. તે કેવી રીતે પ્રગટે? કે અંતરમાં જે અનંતચતુષ્ટય–સ્વભાવરૂપ શુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ છે તે મોક્ષમાર્ગનું કારણ છે, એટલે તેને 'કારણનિયમ' કહેવાય છે. તેના આશ્રયે 'કાર્યનિયમ' રૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. મોક્ષમાર્ગના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવા માટે પોતાના આવા સ્વભાવ સિવાય બીજા કોઈનો આશ્રય નથી, બીજું કોઈ કારણ નથી. આ શુદ્ધ કારણ પોતામાં ત્રિકાળ છે, તેમાં અંતર્મુખ થઈને તે કારણને સેવતાં કાર્ય પ્રગટે છે–એટલે મોક્ષમાર્ગ થાય છે.

શુદ્ધજ્ઞાનચેતના (જેમાં શક્તિરૂપ અનંતચતુષ્ટય સમાઈ જાય છે–) જે ત્રિકાળ છે, તેને ચેતવું–અનુભવવું તે મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગ તે 'કાર્યનિયમ' છે, મોક્ષને માટે નિયમથી કરવા જેવું તે કાર્ય છે, અને તેના આશ્રયભૂત ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના તે 'કારણનિયમ' છે.

જુઓ, અહીં કાર્ય અને કારણની અલૌકિક સંધિ છે. આવા શુદ્ધ કારણ અને શુદ્ધ કાર્યની સંધિ બતાવીને, વચ્ચેથી રાગાદિ અશુદ્ધ કારણને કાઢી નાંખ્યા; શુદ્ધ રત્નત્રયનો જ મોક્ષમાર્ગમાં સ્વીકાર કરીને વ્યવહાર રત્નત્રય પણ કાઢી નાંખ્યા. અહો, આવો સુંદર માર્ગ આચાર્યદેવે આ નિયમસારમાં ખુલ્લો કર્યો છે. સુંદર અને

સૂક્ષ્મ માર્ગ છે. રાગાદિ ભાવો સ્થૂળ છે, તેનાથી રહિત માર્ગ છે માટે સૂક્ષ્મ છે, અને આનંદરૂપ છે માટે સુંદર છે. સૂક્ષ્મ હોવા છતાં પોતાને સ્વાનુભવગમ્ય થાય તેવો માર્ગ છે. મુમુક્ષુઓ આ માર્ગને જ અનુભવીને મોક્ષ પામ્યા છે.

ગાથામાં આચાર્યદેવે આવા મોક્ષમાર્ગરૂપ કાર્યને નિયમથી કર્તવ્ય કહ્યું છે, ( 'જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય ને નિયમ છે' ) ત્યારે તેની ટીકામાં તે કાર્યની સાથે તેનું ત્રિકાળી કારણ પણ બતાવીને મુનિરાજે કારણ-કાર્યની અદ્‌ભુત સંધિ કરી છે. ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે કારણ, તેના આશ્રયે પ્રગટેલી શુદ્ધપર્યાય તે કાર્ય; જેણે શુદ્ધ કારણનો સ્વીકાર કર્યો તેને શુદ્ધકાર્ય હોય જ-એટલે મોક્ષમાર્ગ પ્રગટે જ; કાર્યવગર કારણનો સ્વીકાર કર્યો કોણે ? ઉપયોગ અત્યંત અંતર્મુખ થઈને જ્યાં સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટયું ત્યાં ધર્મી કહે છે કે 'અહો ! આ મારા કાર્યનું કારણ ! -આમ ધર્મી જીવ કાર્ય-કારણની અપૂર્વ સંધિસહિત મોક્ષને સાધે છે.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્‌ચારિત્ર એ ત્રણે કાર્ય આનંદદાયક છે, એના વડે આનંદ સહિત મોક્ષ સધાય છે, અહો ! અતીન્દ્રિય સુખના સાધનરૂપ આ શ્રેષ્ઠ-સુંદર શુદ્ધરત્નત્રયકાર્ય, તેનું કારણ પણ પોતામાં ત્રિકાળ છે, તેને કારણ નિયમ કહેવાય છે. તે 'કારણ' તો ત્રિકાળ છે; તેને કાંઈ નવું કરવાનું નથી; પણ તે કારણનો સ્વીકાર કરીને તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ કાર્ય પ્રગટ કરવું તે ચોક્કસ કરવા જેવું કાર્ય છે, તેને 'કાર્યનિયમ' કહેવાય છે. આ કાર્ય તે જ મોક્ષનો માર્ગ છે, અને પરમ અતીન્દ્રિયસુખની અનુભૂતિ તે માર્ગનું ફળ છે. આવા સુંદર માર્ગ અને માર્ગફળને જાણીને મારા પરમ તત્ત્વના સેવનથી હું મોક્ષસુખને પ્રાપ્ત કરું છું. વચ્ચે વ્યવહાર અને વિકલ્પો આવે તેને હું મોક્ષમાર્ગમાં સ્વીકારતો નથી, તેને છોડીને પરમાત્મતત્ત્વના આશ્રયે જ હું મોક્ષસુખને સાધું છું.

અહો, મોક્ષના મારગડા........અંતરમાં સમાય છે....દેવગુરુની વાણી જ્યાં પહોંચતી નથી, વિકલ્પનો જ્યાં પ્રવેશ નથી, પર્યાયનો જેમાં આશ્રય નથી; એકલો અંતર્મુખ સ્વભાવ-આશ્રિત નિરાલંબી માર્ગ છે. આવા સુંદર માર્ગનો સંતો સાધે છે ને જગતને દેખાડે છે.

## ( હવે માર્ગરૂપ જે શુદ્ધરત્નત્રય તેનું દરેકનું સ્વરૂપ કહે છેઃ )

### 卐 મોક્ષમાર્ગમાં જે સમ્યગ્જ્ઞાન છે-તે કેવું છે ? 卐

-જેમાં પરદ્રવ્યનું જરાપણ અવલંબન નથી, આખોય ઉપયોગ સર્વથા અંતમુર્ખ થઈને પોતાના પરમ તત્ત્વનું પરિજ્ઞાન કરે છે ને અંતરમાં તેને ઉપાદેય કરે છે, એવું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, તે જ મોક્ષનું સાધન છે. જે જ્ઞાનઉપયોગ અત્યંત અંતર્મુખ થઈને પોતાના શુદ્ધ જ્ઞાયકતત્ત્વની ઉપાસના કરે છે તે જ્ઞાન જ મોક્ષનું કારણ છે, તે જ નિયમથી કર્તવ્ય છે. બહિર્મુખ કોઈપણ વિકલ્પ તે મોક્ષને માટે કર્તવ્ય નથી. માટે કહે છે કે હે મોક્ષાર્થી જીવો ! તમે ઉપયોગને અંતરમાં વાળીને સ્વદ્રવ્યને ત્વરાથી ગ્રહણ કરો ને પરદ્રવ્યનું ગ્રહણ ત્વરાથી છોડો.

વાહ! પરમ તત્ત્વનું પરિજ્ઞાન અંતર્મુખ ઉપયોગવડે થાય છે. ઇન્દ્રિયજ્ઞાનરૂપ પરસન્મુખ ઉપયોગ વડે પરમ તત્ત્વનું સમ્યગ્જ્ઞાન થતું નથી. ઉપયોગને અંતર્મુખ કરીને સ્વદ્રવ્યનું અવલંબન લીધું તેમાં જરાય પરદ્રવ્યનું અવલંબન નથી, આવા ઉપયોગ વડે આત્માનું સમ્યગ્જ્ઞાન થાય છે. –આવો અંતર્મુખી મોક્ષમાર્ગ છે.

ઉપયોગ બહિર્મુખ થઈને પરનું જે જ્ઞાન થાય છે તે પણ પોતાથી જ થાય છે, તે કાંઈ પરથી થયું નથી, પણ તે પરાવલંબી જ્ઞાન છે, તે મોક્ષને સાધી શકતું નથી. મોક્ષને સાધનારું જ્ઞાન પરદ્રવ્યના અવલંબન વગરનું છે. દેવ–ગુરુ–શાસ્ત્ર કે રાગાદિ એ બધાયથી પાર એકલા શુદ્ધ સ્વદ્રવ્યને જ અવલંબતો ઉપયોગ મોક્ષને સાધે છે.

સંપૂર્ણપણે અંતર્મુખ ઉપયોગ જ મોક્ષનું કારણ થાય છે. અંતર્મુખ ઉપયોગ પણ મોક્ષનું કારણ થાય ને થોડોક બહિર્મુખ ઉપયોગ પણ મોક્ષનું કારણ થાય–એમ નથી; ઉપયોગમાં થોડુંક આત્માનું અવલંબન અને થોડુંક દેવ–ગુરુ–શાસ્ત્રનું અવલંબન,–એમ બે અવલંબન નથી, એકલું સ્વદ્રવ્યનું જ આલંબન છે. બહારનું અવલંબન જરા પણ તેમાં નથી, એટલે બહિર્મુખ કોઈપણ ભાવ ( અશુભ કે શુભ ) તે આત્માને મોક્ષનું સાધન નથી. આત્માલંબી વીતરાગભાવ એકલો જ મોક્ષનું સાધન છે.

જુઓ તો ખરા, પરથી અત્યંત નિરપેક્ષ અંતર્મુખી મોક્ષમાર્ગ વીતરાગી

સંતોએ જગતમાં ભવ્યજીવોના મોક્ષને માટે પ્રસિદ્ધ કર્યો છે. આવા અંતરના અતીન્દ્રિય માર્ગનો નિર્ણય કરીને અંદર સ્વદ્રવ્યના આલંબનનો વારંવાર પ્રયોગ કરવો જોઈએ.

મોક્ષના હેતુરૂપ સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્ર ત્રણેમાં અખંડ સ્વદ્રવ્યનું જ આલંબન છે, જ્ઞાન–દર્શન–ચારિત્ર એવા ગુણભેદનું આલંબન નથી. પરમતત્ત્વ કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો કે કારણપરમાત્મા કહો, –એવો જે પોતાનો પરમ જ્ઞાયકસ્વભાવ તેના જ અંતર્મુખ અવલંબને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. તેમાં સમ્યગ્જ્ઞાનનું સર્વથા અંતર્મુખપણું બતાવ્યું. હવે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવે છે.

## 卐 મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન છે -તે કેવું છે ? 卐

પ્રથમ તો સમ્યગ્દર્શન પામનાર જીવ કેવો છે ? કે ભગવાન પરમાત્મસુખનો અભિલાષી છે; પોતાના આત્મસુખ સિવાય જગતમાં બીજી શેનીયે અભિલાષા નથી; એવા જીવને શુદ્ધ અંતરતત્ત્વના આનંદનું જન્મધામ એવું પોતાનું શુદ્ધ જીવાસ્તિકાય દ્રવ્ય–તેના અવલંબને જે શ્રદ્ધા થાય છે તે સમ્યગ્દર્શન છે. સમ્યક્શ્રદ્ધામાં પોતાના શુદ્ધ આત્મા સિવાય બીજા કોઈનું આલંબન નથી. અંદરમાં પણ 'આ પર્યાય વડે આ દ્રવ્યને પકડું' એવો ભેદ નથી. સ્વદ્રવ્યનું અવલંબન થયું ત્યાં શુદ્ધ પર્યાય વર્તે જ છે.

અહા, મારા આનંદના વિલાસનું ધામ તો મારો આત્મા છે; મારા આત્મામાં જ અતીન્દ્રિય આનંદનો ઉદ્ભવ થાય છે, તેથી આનંદનું જન્મધામ મારો આત્મા જ છે. –એમ અંતર્દ્દષ્ટિ વડે પ્રતીત કરી તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનની સાથે જ આત્મામાંથી અતીન્દ્રિય આનંદનો જન્મ થાય છે; સમ્યગ્દર્શન થતાં આનંદનો જન્મ થયો...આત્મામાંથી આનંદપુત્રનો અવતાર થયો. પોતાને માટે ધર્મીને જગતમાં બીજા કોઈની અપેક્ષા નથી. જેમ દરિયો પોતે પોતામાં ડોલે તેમ ધર્મી પોતે પોતાના આનંદસમુદ્રમાં આનંદ અનુભવે છે. કસ્તુરીમૃગની જેમ અજ્ઞાની બહારમાં પોતાનો આનંદ શોધે છે, ધર્મી તો જાણે છે કે મારો અસંખ્યપ્રદેશી આત્મા જ મારા આનંદની ઉત્પત્તિનું સ્થાન છે, મારા આત્મામાં જ આનંદ ભર્યો છે. –આમ અત્યંત અંતર્મુખ થઇને પોતાના શુદ્ધ સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન આનંદની અનુભૂતિ સહિત પ્રગટે છે તેથી તેની સાથે આનંદના જન્મની

વાત લીધી છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે આનંદરૂપ છે. સમ્યગ્દષ્ટિએ પોતાનું સુખ પોતામાં અનુભવી લીધું છે, પોતાનું સર્વસ્વ પોતામાં દેખી લીધું છે. –'શુદ્ધ–બુદ્ધ–ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ' આ રીતે સ્વાશ્રિત સુંદર મોક્ષમાર્ગના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની વાત કરી; હવે સમ્યક્ચારિત્રની વાત કરે છે.

## મોક્ષના કારણરૂપ સુંદર ચારિત્ર છે-તે કેવું છે?

'સુંદર' એટલે વીતરાગ; સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એ ત્રણે વીતરાગ છે, અને વીતરાગ છે માટે સુંદર છે. નિશ્ચયજ્ઞાનદર્શન સ્વરૂપ જે કારણપરમાત્મા છે તેના શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેમાં અવિચળ સ્થિતિ તે ચારિત્ર છે; આમાં રાગ નથી; આવું ચારિત્ર મોક્ષને માટે કર્તવ્ય છે. સ્વરૂપમાં લીનતારૂપ વીતરાગચારિત્રને નિયમ કહ્યો પણ શુભરાગ–પંચમહાવ્રતાદિ વિકલ્પોને નિયમ ન કહ્યો; એટલે મોક્ષને માટે વીતરાગચારિત્રને જ કારણ કહ્યું. શુભને કારણ ન કહ્યું. રત્નત્રયરૂપ જે આવો સુંદર માર્ગ છે તે પરમ નિરપેક્ષ છે. અને રાગના અભાવથી તે શુદ્ધ છે; આવા શુદ્ધરત્નત્રયને નિયમ–સાર કહેવાય છે. અને તે નિયમથી કર્તવ્ય છે.

રાગ વગરના શુદ્ધરત્નત્રય તે જ સુંદર છે, સાર છે, અને તે જ ઉત્તમ છે. રાગરૂપ વ્યવહારરત્નત્રય તે કાંઈ સાર નથી. સુંદર નથી –શ્રેષ્ઠ નથી, કર્તવ્ય નથી; એટલે રત્નત્રય સાથે 'સાર' વિશેષણ લગાડીને તે વિપરીત ભાવોનો પરિહાર કર્યો છે, વિપરીત ભાવ વગરનાં એટલે કે રાગના વગરનાં એવા જે શુદ્ધ–સારભૂત–નિર્વિકલ્પ વીતરાગી રત્નત્રય તે જ મોક્ષનું સાક્ષાત્ કારણ હોવાથી મુમુક્ષુને કર્તવ્ય છે, તેનાથી જ અતીન્દ્રિય મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

અહો, મોક્ષનું કારણ તો શુદ્ધ રત્નત્રય છે. અને તે રત્નત્રય અંતર્મુખ આત્માના આશ્રયે જ થાય છે. જેમાં કોઈ બીજાનું અવલંબન નથી. એવા ઉપયોગને અત્યંત અંતર્મુખ કરીને પોતાના પરમ તત્ત્વને જાણ્યું. પરમ–આત્મસુખનો જ અભિલાષી થઈને અંતરમાં આનંદના ધામ એવા પોતાના શુદ્ધ જીવની પરમ શ્રદ્ધા કરી, અને તે જ કારણપરમાત્મામાં સ્થિરતાં કરી, –આવા શુદ્ધ રત્નત્રય તેમાં ક્યાંય રાગ ન આવ્યો. પરદ્રવ્યનું અવલંબન ન આવ્યું, એકલા સ્વદ્રવ્યના અવલંબને જ આવા શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ છે, અને તે જ ભવના નાશ માટે ભવ્ય જીવોનું કર્તવ્ય છે, તેથી મુનિરાજ કહે છે કે–

આ રીતે વિપરીતતા વગરના નિર્વિકલ્પ સૌથી શ્રેષ્ઠ અને સુંદર એવા શુદ્ધ રત્નત્રયને પ્રગટ કરીને મોક્ષના પરમ અતીન્દ્રિય સુખને અનુભવું છું...તમે પણ એવો અનુભવ કરો.

**વાહ! કેવો સુંદર માર્ગ! અને કેવું ઉત્તમ તેનું ફળ!**

આવા શુદ્ધ માર્ગનું અને તેના ઉત્તમ ફળનું સ્વરૂપ વીતરાગી સંતોએ ભવ્ય જીવોના પરમાનંદને માટે પ્રસિદ્ધ કર્યું છે.

**નમસ્કાર હો તે સંતોને અને તે સુંદર માર્ગને!**

*****

## ભ...જ...ન...

પ્રાચીન કવિ 'ન્યામત' જી એક ભજનમાં કહે છે કે–

વિના સમકિતકે ચેતન જનમ વિરથા ગંવાતા હૈ!
તુઝે સમજાએં ક્યા મૂરખ! નહીં તું દિલમેં લાતા હૈ!
હૈ દર્શન-જ્ઞાન ગુણ તેરા, ઈસે ભૂલા હૈ ક્યોં મૂરખ!
અરે. અબ તો સમઝ લે તું, ચલા સંસાર જાતા હૈ!
તેરે મેં ઔર પરમાતમ મૈં કુછ નહીં ભેદ અય ચેતન!
રતન આતમકો મૂરખ ક્યોં કાંચ બદલે બિકાતા હૈ?

(કવિએ ઠપકો આપીને સમ્યક્ત્વની કેવી પ્રેરણા કરી છે!)

## વૈરાગ્ય અને ક્ષમાભાવનાનો ઉપદેશ ( પૃષ્ઠ ૧૭ થી ચાલુ )

જેમ માતા બાળકને સમજાવે છે કે હે ભાઈ! તું તો ડાહ્યો છો.....તારે આમ ન કરાય, તેમ આચાર્યદેવ કહે છે કે હે ક્ષમાવંત! હે ક્ષમાગુણના ધારક! તારા ભાવને ન જાણનારા બીજા તારી નિંદા કરે તોપણ તું ક્ષમા રાખજે. અરિહંતો ક્ષમામાં શૂરવીર છે, તેનો ભક્ત એવો તું પણ ક્ષમામાં શૂરવીર થા! ક્રોધ કરે તે વીર નથી, તે તો નિર્બળ છે. ક્ષમા આત્માનો સ્વભાવ છે, તેનાથી આત્માની મહાનતા છે. મારા ચૈતન્યમાં જગતના શબ્દોનો પ્રવેશ જ ક્યાં છે? પછી શબ્દ કહેનાર પ્રત્યે હું ક્રોધ કેમ કરું? ક્રોધ કરનાર પોતે પોતાને નુકશાન કરે છે, માટે હે જીવ! ક્રોધના પ્રસંગ ઉપસ્થિત થવાના પ્રસંગે તું તારા ચૈતન્યના શાંત ક્ષમાજળવડે તે ક્રોધાગ્નિને બુઝાવી દેજે; ભેદજ્ઞાનની ભાવનાના બળે ક્ષમારૂપી અમૃતનું આત્મામાં સીંચન કરજે.

સંસારને અસાર જાણી, સ્વરૂપને સાધવા માટે જ્યારે વૈરાગ્યથી મુનિદીક્ષા લીધી તે વખતના તીવ્ર વૈરાગ્યને ઉત્તમબોધિ નિમિત્તે હે જીવ! તું સ્મરણ કર, તેની ભાવના ભાવ. વિશુદ્ધચિત્તથી એટલે કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પરિણામ સહિત થઈને તું ઉત્કૃષ્ટ વૈરાગ્યની ભાવના કર. મુનિ થતી વખતે આખા જગતથી ઉદાસ થઈને સ્વરૂપમાં જ રહેવાની કેવી ઉગ્ર ભાવના હતી! જાણે સ્વરૂપથી બહાર હવે કદી આવવું જ નથી. – આવા ઉત્તમ વૈરાગ્યપ્રસંગની ભાવના ફરીફરી ભાવીને હે જીવ! તું તારા રત્નત્રયથી નિર્મળતા કર; સમ્યક્ત્વાદિના પ્રયત્નકાળને યાદ કરીને આત્માની આરાધનાને દૃઢ કર.

ચૈતન્યને સાધવા માટે જે વૈરાગ્યની ધારા ઉલ્લસી હોય, રોગના કાળે જે વૈરાગ્યભાવના જાગી હોય કે મરણપ્રસંગ આવી પડે તે વખતે જેવી વૈરાગ્યભાવના હોય એવા વૈરાગ્યને તું સદાય નિરંતર ધ્યાનમાં રાખીને વારંવાર ભાવના ભાવજે. વૈરાગ્યભાવનાને શિથિલ થવા દઈશ નહિ. જે આરાધના ઉપાડી તેને જીવનપર્યંત નિર્વહન કરજે. આરાધક જીવને તીવ્ર રોગ વગેરે પ્રતિકૂલ પ્રસંગે વૈરાગ્યની ધારા વિશેષ ઉપડે છે. પ્રતિકૂળતા આવે ત્યાં આર્તધ્યાન ન કરે પણ સ્વભાવ તરફ ઝૂકે ને તીવ્ર વૈરાગ્યવડે રત્નત્રયની આરાધના પુષ્ટ કરે. મુનિની જેમ શ્રાવકને પણ આ ઉપદેશ લાગુ પડે છે. હે જીવ! સમ્યગ્દર્શનની નિર્મળતા પ્રગટ કરી, સંસારને અસાર જાણી, અંતર્મુખ થઈને સારભૂત એવા ચૈતન્યની ભાવના ભાવ, વૈરાગ્યના પ્રસંગને યાદ કરીને તેની ભાવના ભાવ કે જેથી તારા રત્નત્રયની શુદ્ધતા થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, સાર શું અને અસાર શું એને ઓળખીને તું સારભૂત આત્માની ભાવના કર.

# ચૈતન્ય-હીરાની કિંમત

## મદ્રાસથી એક કોલેજિયન ભાઈનો ધર્મસંસ્કારથી ભરેલો પત્ર

(મદ્રાસની કોલેજમાં ભણતા એક ઉત્સાહી યુવાન ભાઈશ્રી હસમુખ જે. વોરા તરફથી આવેલ આ ધાર્મિકભાવનાથી ભરપૂર પત્ર અહીં રજૂ કરતાં 'આત્મધર્મ' ગૌરવ અનુભવે છે. આપણા યુવાન બંધુઓ તેમજ વડીલો પણ આ પત્ર દ્વારા ઉત્તમ પ્રેરણા મેળવશે.

(–સંપાદક)

તેઓ લખે છે કે–હું અહીં મદ્રાસ–કોલેજમાં અભ્યાસ કરું છું, ઘણા મિત્રો છે, પણ એકપણ મિત્ર અધ્યાત્મિકવૃત્તિ ધરાવતો નથી. એ મિત્રો સાથે ધર્મની ચર્ચા કરું, પણ તામિલમિત્રોને વધારે કઈ રીતે સમજાવું? તેમ છતાં માંસ ખાવાથી, સિનેમા જોવાથી શું ફળ આવે છે તે તેમને સમજાવું છું ને તેઓ પ્રેમથી સાંભળે છે, અને 'આત્મા અમર છે, દેહથી જુદો છે' એ વાત તેઓ ધીરે ધીરે શીખી રહ્યા છે.

આ રીતે કોલેજમાં હું એકલો છું પરંતુ મારે એક ઉત્તમ સાથિદાર છે–અને તે 'આત્મધર્મ' આત્મધર્મ હાથમાં આવતાં જ હું એકનજરે તેના ખાસ ભાગ વાંચી જાઉં છું, અને પછી નીરાંતે સંપૂર્ણ વાંચું છું. તેમાંય પારસનાથપ્રભુના દશભવ વાંચતાં તો આત્મા અનેરા આનંદમાં ડોલવા લાગે છે......પારસપ્રભુના દશભવ વાંચીને દરેક વાંચક કંઈ ને કંઈ શીખ્યા હશે....હું તો તેમાંથી ઉત્તમ ક્ષમાનો ધર્મ' શીખ્યો છું.

બસ, આત્મધર્મ વાંચ્યા પછી અનેરા આનંદને હીંચકે અખૂટ સુવિચારોમાં ઝૂલું છું....અને મોડીરાતે તે વિચારોમાંથી 'ચૈતન્યહીરો' નામની વાર્તા ગૂંથીને આ સાથે મોકલું છું. (શક્યતા હશે તો આ વાર્તા વૈશાખ માસના અંકમાં છાપીશું.)

ઉત્સાહી યુવાન પત્રમાં આગળ જતાં લખે છે કે–

આ ટાણું આવ્યું છે તો 'ચૈતન્યહીરા' નું પારખું કરવું જોઈએ. જેને ખરા ધનવાન બનવું હોય તે પોતાના 'ચૈતન્યહીરા' ને દેખે; નહિતર તો ગરીબનો ગરીબ દુઃખી–દુઃખી થઈ સંસારમાં ભમશે. હરિભાઈ! શું આ ચૈતન્યહીરાની કિંમત સો–બસો–પાંચસો–હજાર–લાખ–કરોડ–અજબ રૂપિયાથી કે સારી સંપત્તિથી કરી શકાય ખરી? તમે કહેશો કે ના; જે એક જ્ઞાની આપી શકે, જે મહાવીર જેવા વીરો

આપી શકે, અને હાલ આપણી ઉપર ઉપકાર વરસાવી રહેલા કહાનગુરુ જેવા સંતો આપી શકે–એવી એ ચૈતન્યહીરાની કિંમત છે. બાકી તો આખી દુનિયાની સંપત્તિ પણ ચૈતન્યહીરાની તુલનામાં એક પથરાની બરાબરેય નથી. અરે, કાંઈ પથરાથી તે આત્માની કિંમત થતી હશે? તો ખરેખર શું કિંમત છે ચૈતન્યહીરાની? એ કિંમત તો તું પોતે જ તારા ચૈતન્યહીરાને દેખીને–પારખીને કર. અહા, એ ચૈતન્યહીરાને દેખીને જે આનંદ થાય તે અખૂટ આનંદના ધામમાં તું કેલિ કરતો જ રહીશ. પછી જેમ જેમ તું વધારે ને વધારે આનંદમાં જતો રહીશ તેમ તેમ હે જીવ! તને એમ થશે કે મારા આ ચૈતન્યહીરાની કિંમત કોઈ શબ્દોથી કે બીજા કોઈ પદાર્થોથી આંકી શકાય તેમ નથી. એની કિંમત તો કેવળી ભગવાનના આનંદ જેટલી છે–જે આનંદની કોઈ સીમા નથી. આવડો મોટો કિંમતી ચૈતન્યહીરો તારી પાસે જ હોવા છતાં હે મૂર્ખજીવ! તું બાહ્ય સંપદા પાસે કેમ ભીખ માંગે છે? સુખ થવું હોય તો આ ચૈતન્યહીરાને દેખ; ફોગટનો સમય ગુમાવ મા.

–હસમુખના જયજિનેન્દ્ર

(ધર્મપ્રેમી યુવાનબંધુઓ! તમારા એક મિત્રના આ પત્રમાંથી તમે પ્રેરણા મેળવજો. સં–)

## આત્મધર્મના ગતાંકમાં નીચે મુજબ શબ્દફેર થઈ ગયેલ છે તે સુધારવા વિનતિ-

પાનું ૩૮ છેલ્લી લાઈનઃ 'મુલવતી રાખેલ છે' તેને બદલે 'મુલતવી રાખેલ છે' એમ જોઈએ.

પાનું ૫૧ પહેલી લાઈનઃ 'ચૈતન્યનીવાણીમાંથી ' તેને બદલે ચૈતન્યની વીણામાંથી' એમ જોઈએ.

**(પૃ: ૨૦ થી ભજનના અર્થ ચાલુ)**

**જે સમયે જે પ્રકારે જેના દ્વારા જે થનાર છે તે થાય જ છે, તેને ટાળી શકાતું નથી-એવો અમે નિરધાર કરી લીધો છે....તેથી હવે જ્ઞાનદ્રષ્ટિને લીધે અમને કોઈ ભય રહ્યો નથી.**

અગ્નિ જલાવે છે, પાણી ઉગાડે છે, –અને અનેક પ્રકારે વિયોગ અને સંયોગ થયા કરે છે–એ બધી રૂપી–પુદ્ગલની રચના છે; હું તો તેનાથી જુદો જ્ઞાનસ્વરૂપ સર્વનો જાણનહાર છું. આમ જાણી લીધું છે તેથી હવે અમને સંસારમાં કોઈ ભય નથી.

–આમ નિર્ભયપણે 'બુધજન' પોતાના આત્માને સાધે છે.

# ગતાંકમાં પૂછેલા સાત પ્રશ્નોના જવાબ

(આ વખતે અઘરા પ્રશ્નો હોવા છતાં ૧૪૦ ઉપરાંત નાના–મોટા સભ્યોએ ઉત્સાહથી જવાબ લખી મોકલ્યા છે તે બદલ સૌને ધન્યવાદ! જવાબો નીચે મુજબ છે)

(૧) આત્માના પાંચ ગુણનાં નામ–કે જે પુદ્ગલમાં ન હોય. તે આ પ્રમાણે– જ્ઞાન, દર્શન, સુખ શ્રદ્ધા, અમૂર્તપણું (વગેરે)

(૨) નીચેના ચાર જીવો કયા ગુણસ્થાને હશે તેનો ઉત્તરઃ–

* આત્માના ભાન સહિત સ્વર્ગમાંથી મનુષ્યમાં આવતો જીવ ચોથા ગુણસ્થાને છે.

* આ જીવોને ઈશ્વરે બનાવ્યા–એવો ઉપદેશ કરનારા જીવ પહેલા ગુણસ્થાને હોય છે, –કેમકે ખરેખર ઈશ્વરે કોઈને બનાવ્યા નથી; ઈશ્વર તો વીતરાગ–સર્વજ્ઞ છે.

* વસ્ત્રસહિત આત્માની નિર્વિકલ્પ સામાયિકમાં બેઠેલો જીવ પંચમગુણસ્થાને હોય છે.

* જેને મોહ પણ નથી અને જેને સર્વજ્ઞતા પણ નથી, એટલે કે જે વીતરાગ–છદ્મસ્થ છે એવા જીવ બારમા કે અગિયારમા ગુણસ્થાને હોય છે.

(૩) મહાવીર ભગવાન પાવાપુરીની મોક્ષ પધાર્યા છે.

(૪) મહાવીર ભગવાન રત્નત્રયધર્મ વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને વિપુલાચલ પર દિવ્યધ્વનિ દ્વારા શુદ્ધ આત્માની આરાધનાનો ઉપદેશ આપીને સિદ્ધ પદ પામ્યા.

(૫) ૧૪ ગુણસ્થાનોમાંથી પહેલું, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું અને તેરમું–આ છ ગુણસ્થાનો સદાય ભરપૂર રહે છે, એટલે કે આ છ ગુણસ્થાનવાળા જીવો જગતમાં સદાય હોય જ છે; તેથી તે ગુણસ્થાનોને 'નિરંતર' કહેવાય છે. આ સિવાયનાં આઠ ગુણસ્થાનોવાળા જીવો જગતમાં ક્યારેક હોય છે ને ક્યારેક નથી હોતાં, –તેથી તે આઠ ગુણસ્થાનોને 'સાંતર, અંતરસહિત' કહેવાય છે.

(૬) દશ વસ્તુ લખેલ છે તેમાંથી અત્યારે ભગવાનમાં ને આપણામાં નીચે મુજબ છે– ભગવાનમાં–જ્ઞાન, કેવળજ્ઞાન, અનંતગુણ, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, અરૂપીપણું, પૂર્ણસુખ. આપણામાં–જ્ઞાન રાગ, મોહ, શ્રુતજ્ઞાન, અનંતગુણ, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, અરૂપીપણું, દુઃખ

(૭) દર આઠવર્ષે આપણો આત્મા અરિહંતપ્રભુના આત્માને જરૂર સ્પર્શે છે, કેમકે સિદ્ધાતમાં એવો નિયમ છે કે વધુમાં વધુ આઠવર્ષના અંતરે કોઈને કોઈ અરિહંતભગવાન કેવળીસમુદ્ઘાત કરે જ છે; તે વખતે તેમના આત્માના અસંખ્યપ્રદેશો આખા લોકમાં સર્વત્ર વ્યાપે છે; એટલે તે વખતે જ્યાં આપણો આત્મા છે તે જ ક્ષેત્રે અરિહંત ભગવાનના પણ આનંદમય અસંખ્ય પ્રદેશો આપણા આત્મા સાથે એકક્ષેત્રે હોય છે; પણ અતીન્દ્રિયજ્ઞાનના અભાવને લીધે આપણે તેમને દેખી શકતા નથી. આ રીતે દર આઠ વર્ષે અરિહંતપ્રભુના આત્મા સાથે આપણું ક્ષેત્રસ્પર્શન જરૂર થાય છે. અને જ્યારે અતીન્દ્રિયજ્ઞાન વડે અરિહંત પ્રભુ જેવા આપણા આત્માની આપણે અનુભૂતિ કરીએ ત્યારે અરિહંત ભગવાનનું ભાવ–સ્પર્શન થયું કહેવાય.

–બંધુઓ, આ વખતે નવા પ્રશ્નો નથી પૂછતા. અમે પૂછીએ અને તમે જવાબ આપો એમ તો દર વખતે થાય છે, પરંતુ હવે આ વખતે તમે પ્રશ્નો પૂછો અને આત્મધર્મ દ્વારા તમને જવાબ અપાશે. તો તમે અંતરમાં વિચાર કરીને સારા મજાના એક–બે કે (વધુમાં વધુ) ત્રણ પ્રશ્નો લખી મોકલો; તેમાંથી ઉત્તમ ૨૫ પ્રશ્નો પસંદ કરીને તેના જવાબો તમારા નામસહિત આત્મધર્મમાં આપીશું. તત્ત્વને લગતા પ્રશ્નો ઉપરાંત ધાર્મિક કોયડા, ઉખાણા વગેરે પણ લખી શકો છો.

મોકલવાનું સરનામું–બ્ર. હરિલાલ જૈન, સોનગઢ (સૌરાષ્ટ્ર)

આ વખતે પ્રશ્નો જરાક અઘરા હોવા છતાં, ગામેગામથી કેટલાય સભ્યોએ જવાબો લખી મોકલ્યા છે, અને ઘણી હોંશ બતાવી છે. સંપાદકની ધારણા કરતાંય વધુ ઉત્સાહથી ભાગ લેવા બદલ સૌને ધન્યવાદ! અને આવા જ ઉત્સાહથી સૌ તત્ત્વજ્ઞાનમાં આગળ વધો એવી શુભેચ્છા. (વાંકાનેર, બડૌત, ઉજેડિયા, બેંગલોર, જાંબુડી, મોરબી, ફત્તેપુર, મુંબઈ, પાલેજ, લાઠી, અલવર, સાવરકુંડલા, સોનગઢ, સાબલી, ગોરલ, અમદાવાદ, જામનગર, વઢવાણ, કલકત્તા, રાંચી, રાજકોટ, મુડેટી, ભાવનગર, ગોંડલ, અમરાપુર, લોહારદા, ખેરાગઢ, મુનાઈ, ઉખરેલી, ગોરેગાંવ, મુડોતા, ઉજેડિયા, કુરાવડ, નાના જલુન્દ્રા, મલાડ, સાયન, દિલ્હી, વગેરે ગામેથી ૧૫૦ જેટલા બાળકોએ ઉત્સાહથી જવાબો લખી મોકલ્યા છે.)

–મુંબઈમાં ઘાટકોપર, ગુજરાતમાં ફત્તેપુર અને સૌરાષ્ટ્રમાં વઢવાણ–એ ત્રણ પાઠશાળા હાલ વિશેષ જોરદાર ચાલી રહી છે; બીજા ગામો પણ તેનું અનુકરણ કરે.

વીંછીયા પાઠશાળાના બાળકોનું એક નાનું સંમેલન (ગુરુદેવ વીંછીયા પધાર્યા ત્યારે) થયું હતું. સંપાદક સાથે બાળકોએ આનંદથી વાતચીત કરી હતી, બાળકોનો ધર્મપ્રેમ અને ઉત્સાહ દેખીને હર્ષ થયો હતો. અને ધન્યવાદ સાથે બાળકોને સંપાદક તરફથી સમ્યગ્દર્શનની આઠ કથાનું એકેક પુસ્તક ભેટ આપવામાં આવશે.

* * * * *

## વૈશાખ માસનો જૈનશિક્ષણવર્ગ જયપુરમાં

દર વર્ષે સોનગઢમાં ઉનાળાની રજાઓ દરમિયાન વિદ્યાર્થીઓ માટે જે શિક્ષણ વર્ગ ચાલે છે તે આ વર્ષે જયપુર (રાજસ્થાન) માં પૂ. શ્રી કહાનગુરુની મંગલછાયામાં તા. ૧૫ મે થી ૪ મે સુધી ચાલશે. પૂ. ગુરુદેવનું સ્વાગત જયપુરમાં રવિવાર તા. ૧૬ મે વૈશાખવદ છઠના રોજ થશે. શ્રી ટોડરમલ-સ્મારકભવનમાં ચાલતી વીતરાગવિજ્ઞાનવિદ્યાપીઠ દ્વારા તા. ૧૫-૫-૭૧ થી તા. ૪-૬-૭૧ સુધી શિક્ષણવર્ગ ચાલશે; આ વર્ગમાં પ્રૌઢો તેમજ વિદ્યાર્થીઓ સૌ લાભ લઈ શકે છે. શિક્ષણવર્ગમાં જોડાવા ઈચ્છતા જિજ્ઞાસુઓએ નીચેના સરનામે ખબર આપવા સુચના છે.

ટોડરમલજી સ્મારક ભવન, અ-૪ બાપુનગર
જયપુર (રાજસ્થાન)

## પૂ. શ્રી કહાનગુરુનો પ્રવાસ-કાર્યક્રમ

સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને લાઠી (તા. ૧૦-૧૧ એપ્રીલ)

જેતપુર (તા. ૧૨-૧૩ ત્યાં તા. ૧૩ મીએ ગીરનારદર્શન)

માળીયા-હાટીના (તા. ૧૪-૧૫)

પોરબંદર (તા. ૧૬ એપ્રીલથી તા. ૨૬ એપ્રીલ સુધી; ત્યાં વૈશાખ સુદ બીજ તા. ૨૬ ના રોજ જન્મજયંતિ.

પોરબંદરનું સરનામું-કોઠારી બ્રધર્સ (ટેલીફોન નં. ૧) પોરબંદર

ગોંડલ (તા. ૨૭-૨૮)

રાજકોટ પ્રવેશ (તા. ૨૯ એપ્રીલ ગુરુવાર)

જયપુર-સ્વાગતઃ રવિવાર તા. ૧૬ મે (ત્યાં શિક્ષણવર્ગ ચાલશે.) જયપુરથી પાછા ફરતાં ભાવનગર (ચાર દિવસ) થઈને સોનગઢ.

# અમે જિનવરનાં સંતાન ( નવા બાલસભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭૪૯ | જ્યોત્સ્નાબેન અમૃતલાલ જૈન | અમદાવાદ | ૨૭૭૬ | દિલીપકુમાર આર. જૈન | ” |
| ૨૭૫૦ | સરોજબેન અમૃતલાલ જૈન | અમદાવાદ | ૨૭૭૭ | વર્ષાબેન ચંદુલાલ જૈન | ” |
| ૨૭૫૧ | પ્રફુલ્લાબેન અમૃતલાલ જૈન | ” | ૨૭૭૮ | આશાબેન રતિલાલ જૈન | ” |
| ૨૭૫૨ | રશ્મિકાન્ત રતિલાલ જૈન | તલોદ | ૨૭૭૯ | અશોકકુમાર સોમચંદ જૈન | ” |
| ૨૭૫૩ | મયુરીબેન એન. જૈન | મુંબઈ | ૨૭૮૦ | ગુણવંતકુમાર તારાચંદ જૈન | ઉજેડીયા |
| ૨૭૫૪ | બીના. એન. જૈન | ” | ૨૭૮૧ | પ્રશાંતકુમાર તારાચંદ જૈન | ” |
| ૨૭૫૫ | સંજયકુમાર પ્રતાપરાય જૈન | રાજકોટ | ૨૭૮૨ | દીપિકાબેન બાબુલાલ જૈન | ફત્તેપુર |
| ૨૭૫૬ | દીપ્તીબેન પી. જૈન | ” | ૨૭૮૩ | સંજયકુમાર જયંતિલાલ જૈન | ” |
| ૨૭૫૭ | નંદીનીબેન બાબુભાઇ જૈન | મુંબઇ-૫૭ | ૨૭૮૪ | રાજેન્દ્રકુમાર અમૃતલાલ જૈન | ” |
| ૨૭૫૮ | કિન્નરીકુમારી ત્રંબકલાલ જૈન | જામનગર | ૨૭૮૫ | જયેશકુમાર અમૃતલાલ જૈન | ” |
| ૨૭૫૯ | મંગલસેન જૈન | बडोत | ૨૭૮૬ | રંજનબેન અમૃતલાલ જૈન | ” |
| ૨૭૬૦ | કિરિટકુમાર મીઠાલાલ જૈન | નાના જલુન્દ્રા | ૨૭૮૭ | ચેતનાબેન અમૃતલાલ જૈન | ” |
| ૨૭૬૧ | વસંતકુમાર મીઠાલાલ જૈન | ” | ૨૭૮૮ | અભયકુમાર મનહરલાલ જૈન | મુંબઈ |
| ૨૭૬૨ | મહેન્દ્રકુમાર મીઠાલાલ જૈન | ” | ૨૭૮૯ | પ્રેરણાબેન ચંદ્રવદન જૈન | ગોધરા |
| ૨૭૬૩ | ચંદ્રવદન જમનાદાસ જૈન | પારલા-મુંબઈ | ૨૭૯૦ | જ્યોતિબેન ચંદ્રવદન જૈન | ગોધરા |
| ૨૭૬૪ | નરેન્દ્રકુમાર જે. જૈન | ” | ૨૭૯૧ | ગૌતમકુમાર ચંદ્રવદન જૈન | ગોધરા |
| ૨૭૬૫ | કીર્તિદાબેન જે. જૈન | ” | ૨૭૯૨ | નીલેશકુમાર ચંદ્રવદન જૈન | ગોધરા |
| ૨૭૬૬ | દીપકકુમાર જે. જૈન | ” | ૨૭૯૩ | ભાવનાબેન મનહરલાલ જૈન | અમદાવાદ |
| ૨૭૬૭ | કમલેશકુમાર રમણીકલાલ જૈન | અમરાપુર | ૨૭૯૪ | દીપકકુમાર ગીરધરલાલ જૈન | મુંબઇ-૪ |
| ૨૭૬૮ | ઇન્દ્રાબેન શેઠી જૈન | लोहारदा | ૨૭૯૫ | છાયાબેન ગીરધરલાલ જૈન | મુંબઈ-૪ |
| ૨૭૬૯ | હેમન્તકુમાર શેઠી જૈન | ” | ૨૭૯૬ | સોનલબેન ગીરધરલાલ જૈન | મુંબઈ-૪ |
| ૨૭૭૦ | શ્રેયાંસકુમાર છગનલાલ જૈન | ” | ૨૭૯૭ | ભારતીબેન ગીરધરલાલ જૈન | મુંબઈ-૪ |
| ૨૭૭૧ | ગુણમાલાબેન છગનલાલ જૈન | ” | ૨૭૯૮ | ધર્મિલાબેન શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૨૭૭૨ | પવનકુમાર પી. જૈન | कुरावड | ૨૭૯૯ | જયેશકુમાર શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૨૭૭૩ | દિનેશકુમાર પી. જૈન | ” | ૨૮૦૦ | જયમાલા શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૨૭૭૪ | शशीबाला जैन | जयपुर | ૨૮૦૧ | હર્ષદાબેન શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૨૭૭૫ | ચેતનાબેન રમણલાલ જૈન | ફત્તેપુર | ૨૮૦૨ | રશ્મિકાન્ત રતિલાલ જૈન | અમદાવાદ-૧ |

# વૈરાગ્ય સમાચાર

* બરવાળાના રહીશ ભાઈશ્રી ચીમનલાલ ભાઈલાલ ડેલીવાળાના ધર્મપત્ની પ્રભાવતીબેન (તેઓ બ્ર. ઈન્દુબેનના માતુશ્રી ઉ. વ. ૫૫) સુરત મુકામે ફાગણ વદ ચોથના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ખૂબ ભદ્રિક હતા ને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. માંદગી દરમિયાન પંદર દિવસ સુધી ઇન્દુબેને તેમને ધર્મચર્ચા અને જ્ઞાનીઓનો મહિમા ખૂબ સંભળાવેલ; અઠવાડિયામાં તો સજા થઈને સોનગઢ આવવાની આશા હતી પણ તે આશા પૂરી થયા પહેલાં તેઓ ચાલ્યા ગયા. મરણની છેલ્લી રાત સુધી તો પોતે જાતે દેવ–ગુરુની સ્તુતિ બોલ્યા હતા. આ સંબંધી પત્રમાં વૈરાગ્યથી ઇંદુબેન લખે છે કે–આ ભવની જન્મદાતા માતા મારી તો ચાલી ગઈ; પણ આપણી ખરી માતા તો ત્યાં બિરાજતા પરમ પવિત્ર પૂજ્ય બેનશ્રી–બેન છે, તેઓનું શરણ સાચું છે. ખરેખર, આવા જ્ઞાનીઓ પાસેથી સાચા દેવ–શાસ્ત્ર–ગુરુના જે સંસ્કાર લીધા હોય તે ખરા ટાઈમે કામ આવે છે. –આવા સંસ્કારબળે સ્વર્ગસ્થ આત્મા આત્મહિત પામો.

* પાલેજનિવાસી ભાઈશ્રી કાળીદાસ ગંભીરદાસના ધર્મપત્ની રંભાબેન તા. ૨૧–૨–૭૧ ના રોજ પાલેજ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાના ભાઈશ્રી નાનચંદ કરસનદાસના સુપુત્ર રાજેન્દ્રભાઈ ઓગણીસ (૧૯) વર્ષની યુવાન વટે ૩–૩–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. યુવાનવયમાં પણ તેમણે મેળવેલા ધર્મસંસ્કારના બળે તેઓ આત્મહિત પામો.

* ખારાઘોડાના રહીશ શા. કેશવલાલ ઉત્તમચંદના સુપુત્ર રાજેશભાઈ અઢાર (૧૮) વર્ષની યુવાનવયે તા. ૨૮–૨–૭૧ ના રોજ સુરેન્દ્રનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* રાજકોટ મુકામે ડૉ. જમનાદાસ ગુલાબચંદના ધર્મપત્ની શ્રીમતી તારાબેન હૃદયરોગની બિમારીથી તા. ૧૫–૩–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

* મધ્યપ્રદેશના બડનગરથી સમાચાર છે કે બ્રહ્મચારી શ્રી દુલીચંદજી (બડવાહ ઇંદોરવાળા) તા. ૨૨–૩–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા, અને અધ્યાત્મજ્ઞાનના પ્રચારની તેમને ભાવના હતી. તેઓ વીસ દિવસથી બડનગર હતા; અંતિમ દિવસ સુધી પ્રવચન કર્યું, પ્રવચન પછી ભોજનાદિ બાદ બપોરે સામાયિકમાં બેસવાની તૈયારી કરતાં હતા ત્યાં એકાએક હૃદય બંધ પડી જતાં સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગશાસનની મંગલ છાયામાં તેઓ આત્મહિત પામો.

# * સાધર્મીનો મહાન સદ્ગુણ *

એક કવિ લખે છે કે 'હિંમતથી એકલો હજારને હઠાવી દીએ..... ' તેમ એક વીતરાગધર્મનો પ્રેમ બીજા હજારો દોષોને હણી નાંખે છે.

કોઈ મુમુક્ષુ-સાધર્મીમાં બીજી અનેક ક્ષતિઓ દેખાતી હોય તોપણ, વીતરાગ સત્યધર્મ પ્રત્યેનો તેનો પ્રેમ એ એક જ સદ્ગુણ એવો મહાન છે કે-તે ધર્મપ્રેમના બળે બીજી બધી ક્ષતિઓ દૂર કરીને તે જીવ અલ્પકાળમાં જ ધર્માત્મા અને પરમાત્મા બની જશે. માટે હે જીવો ! તમે સાધર્મીના ગુણાંશને મુખ્ય કરીને તેનું પરમ વાત્સલ્ય કરજો.

આ સંસારમાં બીજા તો અનેક મિત્રો મળશે પણ ધર્મના પ્રેમવાળા સાધર્મીનો સંગ મળવો બહુ મોંઘો છે. તેથી જ્ઞાનીઓ ખરું જ કહે છે કે-

આવો રૂડો સાધર્મીનો સાથ જ મળીઓ,
સાથે રહીને આપણે આત્મકલ્યાણ કરીએ રે.....
સાચું સગપણ અહો ! સાધર્મી તણું,
હળી-મળી આપણે સૌ વાત્સલ્યભાવે રહીએ રે.....
સાધર્મી-સંગ દેખી હૈડું મારું હરખે,
બાહ્ય અંતરમાં સહુ સહાય નિત્ય કરીએ રે.....
વિભાવરસનો તો ત્યાગ જ હોજો,
ચિદ્રુપ ચૈતન્યને નિત્ય સમરીએ રે......

**અહો ! આત્મહિત માટે અને સાધર્મીપ્રેમ માટે જ્ઞાનીઓ આનાથી વિશેષ બીજી કઈ શિખામણ આપે ?**

# હે જીવ ! પોતાના આત્મહિતમાં તત્પર શા

**'મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને.'**

કેવળ સ્વકાર્યમાં પરાયણ પરમ જિન યોગીશ્વરે મૌનવ્રતસહિત નિજકાર્યને સાધવું, સમસ્ત પશુસમાન મૂર્ખ મનુષ્યોવડે નિંદવામાં આવતો હોય તોપણ, છિન્નભિન્ન થયા વગરનો અભિન્ન રહીને નિજકાર્યને નિરંતર સાધવું, –કે જે મોક્ષસુખનું કારણ છે.

આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ લૌકિક ભયને છોડીને, મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં અવિચળ સ્થિતિ કરે છે.

* * *

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે !**

**તે કારણે નિજ-પરસમય સહ વાદ પરિહર્તવ્ય છે.**

જગતમાં જીવો, તેમનાં કર્મ, તેમની લબ્ધિઓ વગેરે અનેક પ્રકારનાં છે; તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે. માટે પરજીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી. પોતાના નિજહિતમાં પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે. સ્વસમયો અને પર સમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી.

* * *

## 'જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે'

સહજ પરમ તત્ત્વજ્ઞાની, આસન્ન ભવ્ય, વૈરાગ્યસંપત્તિવાન જીવ પરમગુરુના ચરણકમળની ઉત્તમ ભક્તિ વડે સહજ જ્ઞાનનિધિને પામીને, તેને ભોગવે છે; અને સ્વરૂપવિકળ એવા પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને તજે છે.

( –નિયમસારમાંથી )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

મુદ્રક : મગનલાલ જૈન અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૨૮૦૦